વડતાલ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની
શ્રી લક્ષ્મીનારાયણ દેવની સંસ્થાનનું સમસ્ત સત્સંગ સમાજનું માસિક

# શ્રી વડતાલધામ સત્સંગ

વર્ષ : ૪, અંક : ૫, જુલાઈ - ૨૦૧૩ ❖ છુટક નકલ કિંમત રૂ. ૫-૦૦





પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી રઘુવીરપ્રસાદજી મહારાજ



પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજ

શ્રી હરિકૃષ્ણ મહારાજ - વડતાલધામ

॥ ૐ શ્રી ગુરુદેવ નમઃ ॥







શ્રી સ્વામિનારાયણ મંદિર, વડતાલ ખાતે શ્રી હરિ મંડપમાં શ્રી ઘનશ્યામ મહારાજની પ્રતિમાની આરતી કરતાં
પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજ તથા પ.પૂ.સદ્.શા.શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી
(પૂ.ચેરમેનશ્રી) તથા આસી.કોઠારી પૂ.શ્રી દેવપ્રકાશદાસજી સ્વામી તથા પૂ.સંતો.



શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ ખાતે અષાઢી બીજે
રથ પર બિરાજમાન ઠાકોરજીની આરતી કરતાં પૂ. લાલજી મહારાજ

શ્રી સ્વામિનારાયણ મંદિર

વડતાલ ધામ

॥ वृत्तालये स भगवान् जयतिह साक्षात् ॥




# Shree Vadtaldham Satsang

Web Site :
www.vadtalmandir.org

E-mail address :
vsm191@yahoo.co.in

**Subscription**

(india)

1 year ₹. 50

Lifetime ₹. 500,

For Other Countries

(airmail) ₹. 6750

(lifetime)

Year - 4
Volume - 5
July - 2013

## સખી અષાઢે આવિયો મેઘ...

સાખી અષાઢે આવિયો મેઘ, મોર લાગ્યા બોલવા;
સુણી વ્રહની શબ્દનો વેગ, દલ લાગ્યું ડોલવા...૧
સાખી બાપૈયા કરે બાકોર, પિયુ પિયુ જપે;
સાખી સાંભળો તેનો શોર, કાળજુ મારું કંપે... ૨
સાખી ગાજવીજ વરસાદ, આવ્યો અતિ ઉમંગી;
સાખી મળી મેઘલી રાત, નાવ્યો મારો સંગી... ૩
સાખી આવી બની મારે આજ, પિયુ નહિ સાથજી;
સાખી નિષ્કુળાનંદજીનો રાજ, આવે ક્યારે નાથજી... ૪

**OWNER:** Vadtal Temple Managing Trustee Board, Vadtal, **PUBLISHER / PRINTER & EDITOR:** Chief Executive Kotharishree Shashtri Swami Nilkanthcharandasji Guru Swami Harijivandasji, **PUBLISHED & PRINTING :** Shree LaxmiNarayandev Offset Press, **AT & POST:** Vadtal, Tal. Nadiad, Dist. Kheda, Gujarat Pin: 387375, **Phone :** (0268) 2589728,776

# અનુક્રમણિકા

(જુન - ૨૦૧૩)











| ક્રમ | લેખ - લેખક | પાન નં. |
|---|---|---|
| ૧ | **ભક્ત**<br>પ.પૂ.સદ્.શા.શ્રી નીલકંઠચરણદાસજી સ્વામી | 3 |
| ૨ | **''આધ્યાત્મમંથન'' - ૨૦**<br>- સ્વામી શ્રી બ્રહ્મસ્વરૂપદાસજી | ૬ |
| 3 | **સદ્.શ્રી આધારાનંદ સ્વામી જીવનદર્શન**<br>- સ્વામી શ્રી બ્રહ્મપ્રકાશદાસજી | ૧૦ |
| ૪ | **શ્રી આલાભાઈ સુતાર**<br>- શા.સ્વામી શ્રી સંતવલ્લભદાસજી | ૧૪ |
| ૫ | **શિક્ષાપત્રી - A Management Mannual**<br>- ડો. સુરેશ પટેલ | ૧૮ |
| ૬ | **માસિક ભેટ નામાવલી** | ૨૩ |

# ભક્ત

લેખક : પ.પૂ.સદ્.શા.શ્રી નીલકંઠચરણદાસજી સ્વામી
(મુખ્ય કોઠારીશ્રી - વડતાલ)

શાસ્ત્રોમાં ભક્તનો ખુબ મહિમા ગવાયો છે. ભગવાનને ભક્ત બહુ વાલા છે. ખુદ ભગવાન ભક્તનો મહિમા ગાય છે.

હું તો ભક્તને જોઈ હરખાઉં,
મારા ભક્તના ગુણને હું ગાઉ... હું તો...
ભક્ત જ્યાં જાય ત્યાં હું પણ જાઉ,
લેશે નહિ શરમાઉ...
ચરણ રજ ન ઉડે મુજ ભક્તની મુજ પર,
જેથી હું પાવન થાઉ... હું તો...
ભક્ત નચવે તેમ હું નાચું,
ભક્તનોને લાડ લડાવું... હું તો...
દેહ ધરી આવું ધરા પર,
ભક્તોના કોડ પુરાવું... હું તો...
ભક્ત વિના મુને ઘડી નવ ભાવે,
ભક્તોના પ્રેમે બંધાઉ... હું તો...

ભગવાન પોતાના ભક્ત માટે પ્રગટ થાય છે. ભગવાનને ભક્ત પ્રાણથી પણ વધારે પ્યારા છે, ભક્ત નમાવે તેમ પ્રભુ નમે ભક્તનું કામ કરે, ભક્તના ગુણ ગાય આમ ભગવાન ભક્તને વશ થઈ જાય છે. તુલસીદાસે રામાયણમાં લખ્યું છે.

મોરે મન પ્રભુ અસ બિસ્વાસા।
રામ તે અધિક રામ કરદાસ॥

રામથી પણ ભક્ત અધિક કહ્યા છે, શાસ્ત્રોમાં, પુરાણોમાં ભક્તનો મહિમા ખૂબ ગવાયો છે, લખાયો છે. ગઢડા પ્ર.૩૭માં વચનામૃતમાં ભક્તનો મહિમા ગાતા ભગવાન શ્રી સ્વામિનારાયણ લખે છે "એવા યથાર્થ ભગવાનના ભક્ત છે તેનું દર્શન કરીને અનંત પતિત જીવોનો ઉદ્ધાર થાય છે એવા એ મોટા છે." (વ.ગ.પ્ર.૩૭) નિષ્કૃળાનંદ સ્વામીના શબ્દોમાં કહીએ તો...



ભક્ત થાવું રે ભગવાનના છે જો કઠણ કામ,
સુખ સર્વે સંસારના રે કરવા જોઈએ હરામ.
ભક્ત થાવું...
દેહ, ગેહ, દારા દામનું મેલવું મમમતા ને માન,
એહમાંથી સુખ આવે એવું રે ભૂલે ન પડે ભાન.
ભક્ત થાવું...
વિપત્ત આવે પણ વાંકથી તે તો સહે જો શરીર,
ઉપહાસ કરે આવી કોઈ રે તેમાં રહે દ્રઢ ધીરે...
ભક્ત થાવું...
ખુની ન થાય ખમે ઘણું એવા સહજ સ્વભાવે,
નિષ્કુલાનંદ એવા ભક્તનો જશ જુગો જુગ
કહાવે. ભક્ત થાવું...

ભક્તની કીર્તિ, તેનો યશ યુગો સુધી ગવાતો રહે છે. કેવા ભક્તનો યશ યુગો સુધી ગવાતો રહે છે ? તો તે ભક્તના લક્ષણો પણ લખ્યા છે. તો આ લેખમાં વચનામૃતના આધારે ભક્તના લક્ષણ અને ભક્તના પ્રકાર લખ્યા છે.

**ભક્તના પ્રકાર :**

(૧) ઉત્તમ ભક્ત (૨) મધ્યમ ભક્ત (૩) કનિષ્ઠ ભક્ત, ભક્તના લક્ષણ ગઢડા પ્રથમ

પ્રકરણ-૭૨માં વચનામૃતમાં લખ્યા છે.

ઉત્તમ ભક્તના લક્ષણ :

(૧) પોતાના આત્માને દેહ થકી જુદો સમજે અને દેહના જે ગુણ જડ, દુઃખ, મિથ્યા, અપવિત્રપણું ઈત્યાદિક છે તે આત્માને વિષે માને નહિ. અને અછેધ, અભેધ, અવિનાશી ઈત્યાદિક જે આત્માના ગુણ તે દેહને વિશે માને નહિ ટૂંકમાં દેહના ગુણ અને આત્માના ગુણ જુદા સમજી દેહના ગુણને ટાળી આત્મારૂપે વર્તે.

(૨) પોતાના શરીરમાં રહેલો જીવાત્મા તેને દેખે, ઉત્તમ ભક્તની આવી ઉત્તમ સ્થિતિ છે કે પોતાના શરીરમાં રહેલો આત્મા તેને દેખે એ ભક્તને આત્મદર્શન થયું છે.

(૩) આત્માને વિષે રહ્યા જે પરમાત્મા તેને પણ દેખે છે.

(૪) બીજાના દેહમાં જે આત્મા રહ્યો છે તેને પણ દેખે છે.

(૫) આત્મદર્શન તથા પરમાત્મા દર્શ થયા છે એવો સમર્થ થયો છે તો પણએ આત્મદર્શન થકી ભગવાન અને ભગવાનના સંત તેને અધિક જાણે છે.

(૬) પોતાને આત્મદર્શન થયું છે તેનું લેશ માત્ર અભિમાન ન હોય.

ઉપરોક્ત લક્ષણ જેમાં હોય તે ઉત્તમ ભક્ત કહેવાય, ગીતાના છઠ્ઠા અધ્યાયમાં કહ્યું છે.

**यो मां पश्यति सर्वत्र सर्व च मयि पश्यति ।**
**तस्याहं न प्रणश्यामि स समे न प्रणश्यति ।।**

(ગીતા ૬-૩૦)

જે સર્વત્ર મને જુએ છે અને મારામાં બધુ જુએ છે એને માટે હું અદ્રશ્ય થતો નથી અને મારે માટે અદ્રશ્ય નથી થતો. એવા ઉત્તમ ભક્તના લક્ષણ સદ્ગુરુ શ્રી નિષ્કુળાનંદ સ્વામી ભક્તિનિધિ ગ્રંથમાં લખે છે.

તન મન મમતને તજી, ભજી લેવા ભાવે ભગવાન ।
તેમાં વર્ણાશ્રમ વિદ્યા વાદનું અળગુ કરી અભિમાન ।।
સ્થાવર જંગમ જીવ જેહ, તેહ સર્વના સુખદેણ ।
પશુ પંખી પ્રાણ ધારી પર કરે નહિ કરડા નેણ ।।
ઈન્દ્રજીત અજાત, શત્રુ, સગા સહુના સુખ સ્વરૂપ ।
દીનપણું ઘણું દાખવે એવા અનેક ગુણ અનૂપ ।।
પણ ભક્ત જે ભગવાનના, તેને મન મમત હોયે નહિ ।
અપાપર જેહ નવ પરઠે, તેહ સાચા ભક્ત કાવે સહિ ।।
એવા ભક્ત જેહને જ મળે, ટળે તેના ત્રિવિધ તાપ ।
નિષ્કુળાનંદ એહ નાથના, નક્કી ભક્તએ નિષ્પાપ ।।

ઉત્તમ ભક્ત ઈન્દ્રજીત હોય, અજાણ શત્રુ જેને કોઈ શત્રુ જ ન હોય, બધાના સગા, સરલ સ્વભાવ, કોઈ પ્રકારનો મતમતાંતર ન હોય, વર્ણાશ્રમ કે વિદ્યાનું અભિમાન ન હોય, સ્થાવર જંગમ સર્વ જીવન પ્રાણીમાત્રને સુખ રૂપ હોય, આ મારો અને આ પરાયો એવો ભાવ ન હોય, સર્વત્ર અને સર્વમાં પ્રભુને જોનારો હોય, કોઈની નિંદા, ટીકા કે ઈર્ષા ન કરે, બધાનું ભલુ ઈચ્છે એવા ભક્તને ઉત્તમ ભક્ત કહેવાય.




મધ્યમ ભક્તના લક્ષણ :

(૧) ભગવાનનો નિશ્ચય હોય તથા આત્મનિષ્ઠા હોય પણ ભગવાનના ભક્ત ઉપર ઈર્ષા ન આવે.

(૨) ભગવાન અપમાન કરે (અથવા ગુરુ કે સંત) તો ભગવાન ઉપર પણ ઈર્ષા આવે, જે મોટા થઈને વગર વાંકે અમ શીદ કરતા હશે.

ઉપરોક્ત લક્ષણ મધ્યમ ભક્તના છે. ઉત્તમ ભક્ત અને મધ્યમ ભક્તના સાધન, નિશ્ચય, જપ, તપ વિગેરે સરખુ છે, પણ ઈર્ષા આવવાથી મધ્યમ ભક્ત થઈ ગયો. જેમાં સુપર

ક્વોલીટીની ટાઈલ્સ હોય પણ થોડી ઘણી કાંઈ ખામી રહી જાય એટલે તે સેકન્ડ ક્લાસમાં આવી જાય. મટીરીયલ એક સરખુ હોય. સુપર અને સેકન્ડ એક જ ભઠ્ઠીમાં સાથે પાકી હોય છતાં પણ તે સેકન્ડમાં આવી જાય તેમ ઉત્તમ ભક્ત અને મધ્યમ ભક્તનું સાધન નિશ્ચય સમાગમ સેવા ભજન સરખું છે. પરંતુ ભક્ત ઉપર ઈર્ષા આવવાથી મધ્યમ ભક્ત બની ગયો. જો ઈર્ષાને માન છોડી દે તો ઉત્તમ ભક્ત થઈ જાય. ઈર્ષા આધ્યાત્મ માર્ગમાં અધોગતિ તરફ લઈ જાય છે. ઈર્ષાવાળા ભક્તનું હૃદય ભડકે બળતું હોય છે. ઈર્ષાળુને ભગવાનનું ચિંતવન ન થતાં સામા માણસનું ખરાબ કેમ થાય તેનું ચિંતવન થાય છે. ઈર્ષાનું ફળ સંતાપ, ખિન્નતા અને કલેશ પ્રાપ્તિ છે. ઈર્ષા વિનાશક છે માટે ઉત્તમ ભક્ત થવું હોય તેને ઈર્ષાનો ત્યાગ કરવો. ગ.મ. ૨૮ના વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે કે સંત અથવા ભક્ત ઉપર ઈર્ષા કરે તો તે મહાપાપી કરતા પણ વધુ ભુંડો છે. દુર્યોધન કહે : "દ્રોપદી, ભીમ અને અર્જુનને દુઃખી થતા જોઈને મને એટલો હર્ષ થાય છે કે આખી પૃથ્વીનું રાજ્ય મળે તો પણ એટલો આનંદ ન થાય." દુર્યોધનમાં ઈર્ષા હોયવાને કારણે તે મહાપાપી કહેવાણો માટે ઈર્ષા છોડે તે જ ઉત્તમ ભક્ત થાય છે.



કનિષ્ઠ ભક્તના લક્ષણ :

(૧) કનિષ્ઠ ભક્તને ભગવાનનો નિશ્ચય હોય પણ આત્મનિષ્ઠા ન હોય.

(૨) ભગવાનમાં પ્રિતી હોય અને જગતના વ્યવહારને વિષે પણ પ્રિતી હોય.

(૩) સાંસારિક વ્યવહારને વિષે હર્ષ શોકને પામતો હોય.

ઉપરોક્ત લક્ષણ કનિષ્ઠ ભક્તના છે. પહેલા જ લક્ષણમાં કહ્યું કે આત્મનિષ્ઠા નથી માટે કનિષ્ઠ ભક્ત. આત્મનિષ્ઠા ન હોવાને કારણે દેહના સુખ દુઃખને કારણે અથવા બીજા કોઈ કારણે આત્મા કરતા દેહ તરફ એ ભક્ત ઢળી જાય છે. એટલે તેને ભગવાનમાં પ્રિતી હોય અને વ્યવહારમાં પણ પ્રિતી હોય અને વ્યવહારિક પદાર્થ મળે તો હર્ષ પામે ને નાશ પામે તો શોક થાય અને ભગવાનનો ઉપયોગ દુઃખ ટાળવા માટે અથવા પદાર્થ મેળવવા માટે કરે તેનો અર્થ એ થાય છે કે તેને ભગવાન કરતા જગત પ્રધાન માટે તે કનિષ્ઠ ભક્ત છે. એટલે તો નિષ્કુલાનંદ સ્વામી ધીરજાખ્યાનમાં લખે છે.

ભક્ત છે બહુ ભાતના, દામ વામ ખુબ ખાન પાનના ।
એવું ન થાવું આપણે, થાવું ભક્ત ખરા ભગવાનના ॥

વડતાલના પાંચમાં વચનામૃતમાં શ્રીજી મહરાજને પ્રશ્ન પુછ્યો કે, "એ કસર મટીને કનિષ્ઠ હોય તે આ જન્મને વિષે ઉત્તમ ભક્ત થાય કે ન થાય ?" તેનો ઉત્તર આપતા શ્રીજી મહારાજ બોલ્યા : "જેમ ભગવાનની માનસી પૂજા કરે છે તેમ ઉત્તમ ભક્તની ભગવાનની પ્રસાદીએ કરીને ભગવાન ભેળી માનસી પૂજા કરે તથા જેમ ભગવાનને અર્થે થાળ કેર છે તેમ ઉત્તમ ભક્તને અર્થે થાળ કરે તેને જમાડે. જેમ ભગવાનને અર્થે પાંચ રૂપિયાનું ખર્ચ કરે છે તેમ સંતને અર્થે પણ ખર્ચ કરે એવી રીતે અતિ પ્રેમે કરીને ભગવાન અને ઉત્તમ ભક્ત કે સંતની સરખી સેવા જે કરે. તે કનિષ્ઠ ભક્તન હોય છે બે જન્મે કે ચાર જન્મે કે દશ જન્મ કે સો જન્મ ઉત્તમ ભક્ત થવાનો હોય તે આને આ જન્મે જ ઉત્તમ ભક્ત થાય એવું ભગવાન ને ભક્ત તેની સરખી સેવા કર્યાનું ફળ છે."

આમ ઉત્તમ મધ્યમ અને કનિષ્ઠ ભક્તના લક્ષણ વચનામૃતમાં લખ્યા છે. તે સિવાય ભક્તના બીજા પ્રકાર પણ વચનામૃતમાં લખ્યા છે. તે સિવાય ભક્તના બીજા પ્રકાર પણ વચનામૃતમાં લખ્યા છે

(અનુ.પાન ૨૧ પર)

# "જીવન ખોજ"

## આધ્યાત્મ મંથન - ૨૦

**લેખક : સ્વામી શ્રી બ્રહ્મસ્વરૂપદાસજી - કંડારી ગુરુકુલ**
ગુરુવર્ય શાસ્ત્રીજી સ્વામી પૂ. ચેરમેનશ્રી - વડતાલ

(ગતાંકથી ચાલું)

મનોવૈજ્ઞાનિક પી.એન. ચોપરાએ લખ્યું છે કે, આપણી મર્યાદા એ છે કે આપણે ઈતિહાસને ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળમાં જ વહેંચી દઈએ છીએ. ઈતિહાસ એ કેવળ ભૂતકાળની બાબત નથી, પરંતુ વર્તમાન સાથે સમય ચાલુ રહેતો અને ઘડાતો જીવન વ્યવહાર પણ છે.

ઈતિહાસ એ કેવળ રાજવીઓના જય-પરાજયની કહાની જ નથી, સમ્રાટોની ચડતી-પડતીની ગાથા જ નથી, પરંતુ મનુષ્યનો સતત ઘડતો જીવનનો વ્યવહાર છે. દરેક વ્યક્તિએ મનથી હંમેશાં યુવાન રહેવું જોઈએ, તો જ જીવન જીવવાનો આનંદ આવે છે. જેઓએ ઉંમરમાં જીવન નથી ઉમેર્યું, પરંતુ જીવનમાં માત્ર ઉંમર જ ઉમેરી છે એવા લોકો કાચા અને ખાટા જ કહેવાય છે.

આપણા જીવનમાં પરીક્ષા અને પ્રતિક્ષા આ બે બહુ મહત્ત્વની બાબતો છે. પરીક્ષા પોતાની કરવાની અને પ્રતીક્ષા ઠાકોરજીની કરવાની હોય છે, પણ આપણે પરીક્ષા બીજાની કરીએ છીએ અને પ્રતીક્ષા પોતાની કરીએ છીએ ! પાછી વૃત્તિ વાળવાને બદલે બીજા શું કરે છે એની સામે નજર રાખીએ છીએ. પોતાના કેમેરાથી બીજાઓના ફોટા પાડવા કરતાં પોતાના કેમેરાથી પોતાના અંતરનો ફોટો પડતા રહે અને પોતે પોતાને જોતા રહીએ.



આત્મ નિરીક્ષણ એટલે કે જીવનમાં જમા-ઉધાર પાસાનો ખ્યાલ. જીવનમાં કમજોરી ખરાબ નથી, પરંતુ કમજોરીને ચાલુ રાખવી તે ખરાબ છે. જીવનમાં કદાચ યોગી ન બની શકીએ તો ઉદ્યોગી બનીએ, બીજાઓને ઉપયોગી બનીએ અને સહયોગી બનીએ. અડસઠ તીર્થોમાં ઝબોળાય પછી પણ કડવી તુંબડીની કડવાશ ન ગઈ, તેમ આપણા જીવનમાં જો પરિવર્તન ન આવે તો ગંગામાં સ્નાન કર્યાનો શો અર્થ ? આપણું જીવન ગંગાજીના વહેતા પ્રવાહની જેમ સતત વહ્યું જાય છે તેમાંથી જેટલો ઉપયોગ કરી લેવાય તેટલો આપણા લાભમાં છે.

આપણા જીવનમાંથી ત્રણ બાબતો દૂર થાય તો જાણવું કે ભગવાનનો સંબંધ થયો છે. ભગવાનના સબંધથી રાજકોટમાં બોરડીના કાંટા દૂર થયા, તેમ આપણા અંતઃશત્રુઓરૂપી કાંટાઓ દૂર થાય તો પ્રભુનો સંબંધ થયો ગણાય. રામના ચરણ સ્પર્શથી જડ બની ગયેલ અહલ્યાજીની જડતા દૂર થઈ ગઈ, તેમ આપણી ખોટી જડતા દૂર થાય તો સમજવું કે પ્રભુનો સંબંધ થયો છે અને શ્રીકૃષ્ણના સ્પર્શથી કાલીનાગનું ઝેર ઊતરી ગયું, તેમ આપણા અંતરમાંથી રાગદ્વેષ દૂર થાય તો જાણવું કે પ્રભુનો સંબંધ થયો છે. હે ભક્તો ! આ સમગ્ર પ્રસંગનું હાર્દ એ સમજવું કે, બીજાઓ શું કરે છે એ ન જોતાં આપણે શું કરવાનું છે એ

સમજવાનું છે.

"જીવન અને આધ્યાત્મ"

આપણા જીવનને નાળિયેર જેવું બનાવવું જોઈએ. નાળિયેર સમુદ્રનાં ખારાં પાણી પી જઈને પણ પોતાની અંદર મીઠું પાણી ભરે છે ! શ્રીફળને તપાવીએ તો મીઠું કોપરું આપે છે અને તોડી નાખીએ તો પણ પોતે સાચવેલ મીઠું પાણી અને કોપરું આપે છે.

આ વિશ્વની સમગ્ર જીવન સૃષ્ટિમાં મનુષ્ય સર્વોપરી છે, પરંતુ બધા મનુષ્યો બાહ્ય તથા આભ્યંતર જીવનની દૃષ્ટિએ એક સરખા નથી. પાળેલાં પશુઓ કરતાં પણ બદતર જીવન જીવતા માણસો આપણને સંસારમાં જોવા મળે છે. બીજી બાજું આત્માની અનુપમ શક્તિને વિકસાવવી જીવનને એક ઊંચા આદર્શ સુધી પહોંચાડનારા મહાપુરૂષો પણ જોવા મળે છે. કેટલાકની લૌકિક સિદ્ધિઓ મહાન હોય છે, તો કેટલાકની આધ્યાત્મિક સિદ્ધિઓ મહાન હોય છે; વળી અમુકની તો બંને પ્રકારની સિદ્ધિઓ મહાન હોય છે.

વ્યક્તિના બે રૂપ હોય છે. વ્યક્તિત્ત્વ અને અસ્તિત્વનો અર્થ છે 'હોવું' અને વ્યક્તિત્વનો અર્થ છે 'કોઈક હોવું'. મહાપુરૂષોનું અસ્તિત્વ એમના વ્યક્તિત્વ પર છવાયેલું હોય છે. જીવનમાં વ્યવહારિક માર્ગ સાથે આધ્યાત્મનો સંબંધ હોય તો જીવન નવ્ય, ભવ્ય અને ધન્ય બની જાય છે. ગુણદોષનું વિભાગીકરણ એના ફળપ્રાપ્તિના આધારે થાય છે. ફળપ્રાપ્તિના ભેદનો વિચાર કરીને જીવનને કયા માર્ગે વહાવવું એનો વિચાર (મુમુક્ષોએ) કરવાનો છે.

"જિંદગી વરદાન કે શાપ ?"

દરેક માણસોને પોતાની જિંદગીમાં જાતજાતના અનુભવો થતા હોય છે. જિંદગી માણસોની સામે જાતજાતનાં લટકાં કરતી હોય છે. ઘડીક હસે છે ને હસાવે છે. ઘડીક રડે છે ને રડાવે છે. ઘડીક નાચે છે ને નચાવે છે ! તો આવી જિંદગીને શું કહીશું ? વરદાન કે શાપ? વરદાન ક્યારેક શાપ બનતું જોવામાં આવે છે , તો શાપ ક્યારેક વરદાન પણ બની જાય છે ! એટલે કે ક્યારેક જિંદગી એકદમ વહાલી લાગે છે અને ક્યારેક તે આકરી - નઠારી લાગે છે.

જિંદગી ખરેખર શું છે ? એવું લાગે છે કે જિંદગી સ્વામિનારાયણ મહાપ્રભુને ચાહવાની અર્થાત્ સ્નેહની શક્તિ પ્રાપ્તિ કરવાની એક અદ્ભૂત તાલીમશાળા છે ! એવો કોઈ માણસ આ દુનિયામાં જન્મતો નથી કે જેનું જીવનકાર્ય એની સાથે જન્મતું ન હોય. વિશ્વમાં પરિસ્થિતિને કોઈ બદલતું નથી ત્યાં સુધી એ બદલાતી જ નથી. કોઈ હેતુ સિદ્ધ કરવાની જેમ સાથે જન્મવું તે જીવનનું મોટું પારિતોષિક છે, તે તેના તકદીરનું શિખર છે. એ જ એને વ્યસ્ત અને આનંદિત રાખે છે. આધ્યાત્મ વિનાના જીવનમાં ક્યારેય પણ શાંતિ મળતી નથી, તેથી તો પાશ્ચાત્ય દેશોના લોકો પણ ભોગથી પાછા વળી યોગ તરફ આગળ વધી રહ્યાં છે.



"જીવન એક સંગ્રામ"

શાસ્ત્રકારોએ અને મહાપુરૂષોએ જીવનને યુદ્ધની ઉપમા આપી છે. અર્થાત્ 'જીવન સંગ્રામ' છે. સમરાંગણમાં બે રાજાઓનું યુદ્ધ ચાલતું હોય ત્યારે એકની જીત થાય છે અને બીજાની હાર થાય છે. ક્યારેક આ રાજાની જીત થાય તો ક્યારેક પેલા રાજાની જીત થાય છે, જીવન એક સંગ્રામ છે. સુખ દુઃખએ સંગ્રામમાં પ્રાપ્ત થતા વિજય-પરાજય છે, મૃત્યુ એ એની પૂર્ણાહૂતિ છે અને નવા

સંગ્રામની શરૂઆત છે ! સૂર્યનારાયણ જેમ ઊગવા માટે જ આથમે છે, તેમ પ્રત્યેક સંકટ પણ જીવનમાંથી જવા માટે જ આવતું હોય છે; જરૂર છે માત્ર આળસ છોડીને પ્રયત્ન કરવાની. એ જ પ્રમાણે વ્યવહારમાં અને અંતઃકરણમાં પણ હંમેશાં સંગ્રામ ચાલ્યા જ કરે છે !

ભગવાન સ્વામિનારાયણે સ્વમુખે વચનામૃત પ્રથમના ૭૦માં કહ્યું છે કે, ''આ જીવના અંતઃકરણમાં પણ જે કુસંગીનાં રૂપ છે, તે પંચવિષયરૂપી શસ્ત્ર બાંધીને ઊભાં છે અને વળી જે આ સંતના રૂપ છે તે પણ 'ભગવાન સત્ય ને જગત મિથ્યા ને વિષય ખોટા' એવા જે શબ્દ તે રૂપી શસ્ત્ર બાંધીને ઊભા છે. એ બંનેને પરસ્પર શબ્દની લડાઈ થાય છે. તે જ્યારે કુસંગીનું બળ થાય છે. ત્યારે વિષય ભોગવ્યાની ઈચ્છા થઈ આવે છે, ને જ્યારે આ સંતનું બળ થાય છે ત્યારે વિષય ભોગવ્યાની ઈચ્છા નથી થતી; એમ પરસ્પર અંતઃકરણમાં લડાઈ થાય છે.''

વ્યવહારિક માર્ગમાં પણ મૃત્યુ પર્યંત સુખ-દુઃખ, લાભ-હાની, જય-પરાજય અને ચઢતી-પડતીના સંગ્રામો ચાલવાના જ છે. તેમાં દરેક વ્યક્તિએ એક સ્વાસ્થ્ય અને શૂરવીર લડવૈયાની જેમ સામનો કરવો જોઈએ. માણસમાં એટલું મનોબળ તો હોવું જ જોઈએ, જો ન હોય તો એવું મનોબળ મહાપુરૂષ દ્વારા કે સદ્‌ગ્રંથોનાં વાંચન દ્વારા પ્રાપ્ત કરવું જોઈએ. કોઈ પણ સમયે કંઈ પણ બને, સારું બને કે ખરાબ બને, કોઈ પણ પરિસ્થિતિને પહોંચી વળવા પૂરેપૂરા સજ્જ રહેવું જોઈએ.



જીવનમાં સારા અને નરસા બંને પ્રકારનાં બનાવો તો બનવાના જ છે. માણસે ખરેખર સુખી થવું હોય અને કોઈ પણ અવસ્થામાં સુખી જ રહેવું હોય તો તીવ્ર નિરાશા અને તીવ્ર ઉત્તેજનાની લાગણી પર અંકુશ રાખવો જ પડે છે.

જીવન સંગ્રામમાં અંદરના શત્રુ સાથે પણ લડવાનું છે; તેના રક્ષણ માટે પ્રભુનું નામ તે બખ્તર છે. નામરૂપી કવચ પહેરેલ હશે અર્થાત્ હરિ સ્મરણ કરવાની ટેવ હશે તો અંદરના શત્રુ હુમલો નહિ કરી શકે. પ્રભુનું નામ કવચ બનીને આપણું રક્ષણ કરશે.

ભાગવતજીના છઠ્ઠા સ્કંધમાં પ્રસંગ આવે છે કે, વિશ્વરૂપે દેવોને નારાયણ કવચ આપ્યું તેના કારણે દેવો, દૈત્યો ઉપર વિજય મેળવી શક્યા હતા, તેમ આપણે ભજન-સ્મરણ રૂપી કવચ પહેરી રાખીશું તો અંતઃશત્રુઓ જે કામ-ક્રોધ-મોહ વગેરે ઉપર અવશ્ય વિજય મેળવી શકીશું. જીવન એટલે સંઘર્ષ. તેથી આપણે તે સંઘર્ષમાંથી પૂરેપૂરા તો મુક્ત નહિ થઈ શકીએ, પરંતુ હરિનામ અને હરિજીનો દઢ આશરો આ બંને રાખીશું તો નિર્વિઘ્નપણે જીવનયાત્રા જરૂર પૂરી કરી શકીશું.

**"ભૌતિકતા કે આધ્યાત્મિકતા ?"**

ભાગવત ગંગાને અવિરત દેશ-વિદેશમાં વહાવતા એવા પૂ. રમેશભાઈ ઓઝાના વિચારોને અત્રે પ્રસ્તુત કરીશ. તેઓના શબ્દોમાં જણાવું તો, ''ભૌતિકતાને શ્રીમંતાઈ સાથે જોડવાની જરૂર નથી અને આધ્યાત્મિકતાને ગરીબી સાથે જોડવાની જરૂર નથી. દરેક ગરીબ આધ્યાત્મિક નથી હોતો અને દરેક ધનવાન ભૌતિક નથી હોતો.

ગરીબ પણ ભૌતિક હોઈ શકે છે, બધા જ બંગલાઓમાં રહે છે, તો પણ બધાઓને ભૌતિકવાદી ન કહેવાય. બંગલામાં રહેવું સારાં વસ્ત્રો પહેરવાં અને મોટરકાર રાખવી આને ભૌતિકવાદી કહીશું તો જનકરાજા, અંબરીષ રાજા (અને શિવલાલ શેઠ તેમજ અભેસિંહ જાડેજા વગેરે મહાપુરૂષોને) પણ ભૌતિકવાદી

કહેવા પડશે; કારણ કે તેઓ સારાં કપડાં પહેરતા હતા અને હવેલીઓમાં પણ રહેતા હતા. પરંતુ એવું નથી, ઘણા મહેલોમાં રહેતા હોય છે પરંતુ તેઓનું જીવન આધ્યાત્મિકતાથી ખીચોખીચ ભરેલું હોય છે.''

''અંબરીષ રાજા હતા, પરંતુ મહાન ભક્ત હતા. અંતઃશત્રુઓ પર તેઓએ વિજય મેળવેલ હતો. દુર્વાસાએ કૃત્યાને મારવા મોકલી તો પણ એ જ સ્થિતપ્રજ્ઞ અવસ્થામાં ઊભા રહ્યાં અને દુર્વાસાએ માફી માગવા નમસ્કાર કર્યા તો પણ એ જ ભાવ હતો. કૃત્યાને જોઈ ગભરાયા નહિ અને ઋષિએ માફી માગી પ્રણામ કર્યા તેથી ફુલાયા નહિ. આવી સ્થિતિ મોટા યોગીઓને આવવી પણ દુર્લભ છે. એટલા માટે તો શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં અંબરીષ રાજાનું આત્મનિવેદી ભક્ત તરીકે નામ લખ્યું છે.

જનકરાજા તો દેહને દેહના સંબંધીઓને અને રાજ્યને પણ નાશવંત જ જાણતા હતા. તેઓ સુલભાની પરીક્ષામાંથી, નારદજીની પરીક્ષામાંથી અને શુકદેવજીની પરીક્ષામાં પણ પાસ થઈ ગયા હતા. તેથી તો સ્વામિનારાયણ મહાપ્રભુએ પ્રથમના બીજા વચનામૃતમાં તેઓની ઉત્તમ વૈરાગ્યવાન તરીકે પસંદગી કરી છે!

શ્રીહરિજીના મહાન ભક્ત એવા બોટાદના નગરશેઠ શિવલાલભાઈ પણ મોટી હવેલીમાં જ રહેતા હતા, પરંતુ હૃદયથી તો તેઓ વિરક્ત હતા. તેઓ નગરશેઠ હોવા છતાં દરરોજ દોઢ પ્રહર (સાડા ચાર કલાક) અખંડ ધ્યાન કરતા હતા! અને યુવાન વયે વિધુર થયા હતા તો પણ ફરીને લગ્ન કર્યા ન હતાં.

એવા જ ધ્યાની શ્રીજી મહાપ્રભુના ભક્ત લોધીકાના ગામધણી જાડેજા અભેસિંહ હતા. તેઓ પણ ખૂબ ધનવાન હતા અને મોટા દરબારમાં રહેતા હતા, પરંતુ તેઓના હૃદયમાં તો શ્રીહરિજીની રમણીય મૂર્તિ અખંડ રમ્યા કરતી હતી! તેઓને દરરોજ બે પ્રહર (૬ કલાક) ધ્યાન કરવાનો નિયમ હતો! દરરોજ ૬ કલાક ધ્યાન કરતા હોય એવા સાધુ - સંન્યાસી પણ મળવા દુર્લભ જ્યારે આ ભક્ત તો ગૃહસ્થ હોવા છતાં જગતના વૈભવને નાશવંત માની હરિમૂર્તિમાં ગુલતાન રહેતા હતા.



ભક્તો! હવે તમે જ વિચાર કરો. આ ચારેય ધનવાનો હતા અને હવેલીઓમાં પણ રહેતા હતા તો શું એને ભૌતિકવાદી કહેવાની હિંમત ચાલશે ખરી! અને મુંબઈ અથવા ગામડામાં જઈ કોઈ ઝૂંપડામાં રહેતા ગરીબને જોજો. દારૂની બોટલ પીને પત્નીને મારતો હશે, છોરાને ગાળો દેતો હશે અને મચ્છી કે માંસથી ઝુંપડી ગંધાતી હશે, તો શું આવા ગરીબને આધ્યાત્મિકવાદી કહેવાની પણ તમારી હિંમત ચાલશે ખરી ? નહિ જ ચાલે, કારણ કે ભૌતિકતા અને આધ્યાત્મિકતાને બહુધા અંતઃકરણ સાથે સંબંધ હોય છે.

સમાજમાં એક ખોટી વિચારધારા ચાલે છે કે ધનવાન થવું એટલે ભૌતિકતા. ધન કમાવવું કે મોટા બંગલામાં રહેવું એ ખોટું નથી. આપણે બંગલાઓમાં રહીએ એનો વાંધો નથી, પરંતુ બંગલો આપણામાં બેસી જાય તો વાંધો જરૂર છે. આપણે મોટરકારમાં ફરીએ તેનો વાંધો નથી, પણ તે કાર જ આપણા અંતરમાં ફર્યા કરે તો જરૂર તકલીફ થાય. તમે મોટર ચલાવો ત્યાં સુધી ભૌતિકતા નહિ, પણ જે દિવસ તે કાર જ તમને ડ્રાઈવ કરવા માંડશે તે દિવસે તમો ચોક્કસ ભૌતિક બની જશો, ગુલામ બની જશો.

જ્યારે વ્યક્તિ વ્યક્તિને પ્રમે કરતાં શીખે અને વ્યક્તિ વસ્તુને વાપરતાં શીખે ત્યારે સમાજ સ્વસ્થ કહેવાય છે, પણ થાય

(અનુ. પાન ૨૪ પર)

સદ્‌ગુણમૂર્તિ

# સદ્. શ્રી આધારાનંદ સ્વામી

જીવનદર્શન

**લેખક : સ્વામી શ્રી બ્રહ્મપ્રકાશદાસજી - કુંડળધામ**

ગુરુવર્ય પ.પૂ.સદ્. શ્રી જ્ઞાનજીવનદાસજી સ્વામી - કુંડળધામ



સદ્‌ગુરુ શ્રી આધારાનંદ સ્વામી

(ગતાંકથી ચાલુ)

**આદર્શ કવિ :**

સ્વામિનારાયણ સંપ્રદાયમાં સાધુઓ તથા વર્ણીઓમાં ઘણા કવિઓ થઈ ગયા છે. તેઓએ પોતાની રુચિ પ્રમાણે શ્રી હરિનાં ઐશ્વર્ય, પ્રતાપ, મહિમા, મોટપ અને લીલાચરિત્રોના સુંદર ગ્રંથો તથા કીર્તનો કર્યા છે. તેમાં મુખ્ય અષ્ટકવિઓ ગણાય છે. તે અષ્ટકવિઓમાં આધારાનંદ સ્વામીની ગણના થાય છે; એવા તે ઉત્તમ કવિ હતા. પરંતુ કવિતામાં આધારાનંદ નામ બંધ બેસારવું અઘરું પડતું. તેથી શ્રીહરિના કહેવાથી કાર્યોમાં પોતાનું ‘‘સિદ્ધાનંદ’’ એવું નામ રાખ્યું છે.

સં. ૧૮૭૪માં પેશ્વા સરકારનું પતન થયું અને અંગ્રેજ સરકારના આમંત્રણથી શ્રીહરિ અમદાવાદ ગયા અને ત્યાં રોકાયા. મહારાજના કહેવાથી એરણ સાહેબે અમદાવાદમાં મંદિરના બાંધકામની જગ્યા આપી. બીજે વર્ષે સં.૧૮૭૫માં આનંદાનંદસ્વામીએ અમદાવાદ જઈ સૌ પ્રથમ સંતો માટે ધર્મશાળા કરી. ત્યારે પણ શ્રીહરિ ત્યાં ગયા. ત્યાર બાદ ગઢપુરમાં આવી વસંતપંચમીનો ઉત્સવ કર્યો. પછી સંત સર્વે ફરવા ગયા.

તે સમયે એક પિંગળ નામનો ચારણ ભાવનગર ગયો હતો. તેણે વજેસંગનું કવિત બનાવ્યું. તેથી તેને રાજાએ ઘોડો ભેટ આપ્યો. તે ઘોડો લઈને પિંગળ કવિ ગઢડે આવ્યો અને દરબારમાં ઉતર્યો. પછી મહારાજ પાસે આવ્યો ને પોતાનું કરેલું કવિત મહારાજને સંભળાવ્યું અને એમ બોલ્યો જે, ‘‘હે મહારાજ ! તમારી પાસે મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી ને પ્રેમાનંદસ્વામી આદિ મહાકવિ કહેવાય છે, તેમને મારે જોવા છે. કેમ જે, તેમાંથી કોઈ આવું કવિત કરી શકે છે ?’’ ત્યારે મહારાજ બોલ્યા જે, ‘‘કરીમભાઈ, જાઓ. આપણા સાધુમાં કોઈ કવિ હોય તો તેને અહીં બોલાવી લાવો.’’ ત્યારે કરીમભાઈ સંતોની ધર્મશાળામાં જઈ આવીને કહે, ‘હે મહારાજ ! એક આધારાનંદસ્વામી છે ને તે માંદા જેવા છે; બીજા કોઈ સંત અહીં હાજર નથી.’

પછી શ્રીહરિએ તેમને બોલાવ્યા તેથી તે

મહારાજ પાસે આવ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, ‘‘સ્વામી ! જુઓ આ ગઢવી કવિત કરી લાવ્યા છે, તેવું તમે પણ કરી લાવો.’’ પછી આધારાનંદસ્વામીએ તરત કવિત કરીને તે કાગળ મહારાજને આપ્યો.

છપ્પય : શ્રીહરિ કો સદન મદન કહુ કોટિ લજાવે, શારદ નારદ શેષ મહેશ કોઉ પાર ન પાવે;

અક્ષર રૂપ અનુપ ઓરડી અજબ અનોખી, પાવે દર્શન દાસ હરિજન સંત સંતોષી;

સિદ્ધાનંદ સત્ય કહત હૈ જ્યાં નહિ માયા આડ હૈ, શ્રીહરિ કે સદન પર ઝૂક્યો જાંબુ કો ઝાડ હૈ.

પછી મહારાજે ગઢવીના હાથમાં કાગળ આપ્યો ને કહ્યું જે, ‘‘તમે તપાસ કરો કયું કવિત સારું થયું છે ?’’ આધારાનંદસ્વામીનું કવિત વાંચતા જ ગઢવીનો ગર્વ ઊતરી ગયો ને પોતાનું કવિત હલકું થયું. પછી તે બોલ્યો જે, ‘‘હે મહારાજ ! અમે તો જગતના જીવ છીએ ને એ તો પરમેશ્વરના સંત છે, તેમની બરોબર અમારો અક્ષર ક્યાંથી આવે ?’’ પછી તે પિંગળ કવિએ સ્વામીને તેમનું નામ પૂછ્યું અને કહ્યું ‘તમે કેટલાક ગ્રંથ ભણ્યા છો ?’ ત્યારે મહારાજ બોલ્યા જે, ‘‘આ તો મુક્તાનંદસ્વામીના સૌથી નાના શિષ્ય આધારાનંદ છે. અને અમારે પાંચસો પરમહંસ છે, તેમાં ભણ્યાનો કાંઈ મેળ નથી. પરંતુ અમે જેને આજ્ઞા કરીએ તે કવિતા કરે. તો મુક્તાનંદસ્વામી ને બ્રહ્માનંદસ્વામી કરે, તેમાં શું આશ્ચર્ય છે ?!’’ તે વાત સાંભળીને ચારણ બોલ્યો જે,



દોહા :

ચારણ બોલ્યો સ્નેહથી, તમે છો પુરુષોત્તમ; અક્ષરધામના ધામી છો, સર્વોપરિ અણનમ,

જીવનાં કલ્યાણ કરવા, તમે પ્રગટ્યા છો આજ;
ધન્ય ધન્ય પ્રગટ મહાપ્રભુ, સ્વયં શ્રી રાજાધિરાજ.

આ જે તમારા સંત છે, તે છે ધામોના મુક્ત;
આત્યંતિક મોક્ષ આપવા, આવ્યા મુક્તોએ યુક્ત.
જીવોને જ્ઞાન દેવા સારું, મુક્તો લાવ્યા છો આજ;
ચૌદ લોકમાં આ સંત સમા, નથી જગે મહારાજ.

‘‘હે મહારાજ ! તમે તો સાક્ષાત પુરૂષોત્તમનારાયણ છો ને જીવના કલ્યાણ કરવા સારુ મનુષ્યદેહ ધારણ કર્યો છે, અને આ જે તમારા સંત છે તે તો શ્વેતદ્વીપ ને બદરિકાશ્રમાદિક અને ધામના મુક્ત છે. તે જીવને જ્ઞાન દેવા સારુ તમારી સાથે આવ્યા છે. માટે ચૌદલોકમાં તેમની બરોબર કોઈ થનાર નથી. તે જેમ, ‘જ્યું ખગરાજ ઊડ્યો પટ બાંધ કે, તા સંગ જાન મખી હુલસાની.’ ગરુડને ઊડ્યા જાણી તેની સંગે માખી ઊડવા માટે હરખાણી. આ તો એમ થયું. તે માટે મારાથી જે અપરાધ થયો હોય તે ક્ષમા કરો.’’ પછી મહારાજે તેમને હાર આપ્યો અને સન્માન કર્યું. (સંદર્ભ શ્રી સ્વા.ના.વિ.લી. વિશ્રામ-૩૮)

શ્રીજી સહુને સન્માનતા, આપતા સહુને આદર; સહુના ગુણ સત્કાર્યની, સદાય કરતા કદર... પર

આપણે પણ તે શીખવું, દેવું સહુને માન; માન દેતાં માન પામીએ, રાજી થાય ભગવાન... ૫૩

આ પ્રસંગે સ્વામીએ છંદોભંગ ન થાય તેથી પોતાનું સિદ્ધાનંદ નામ લખ્યું. તેમની આ કુશળતાથી શ્રીહરિ અતિ પ્રસન્ન થયા. પછી મહારાજે તેમને પોતાના ‘આધારાનંદ’ નામની જગ્યાએ કાવ્ય લખવામાં અનૂકુળ આવે એટલે કામય ‘સિદ્ધાનંદ’ એવું નામ રાખવા કહ્યું. તેથી સ્વામીએ લખેલા તમામ કાર્યો સિદ્ધાનંદ એવા નામની સત્સંગમાં પ્રસિદ્ધ છે.

બીજું નામ સિદ્ધાનંદ સંત,

પોતે હતા પ્રતાપી અત્યંત; જેણે ગ્રંથ અલૌકિક કીધા,
સતસંગમાં તે છે પ્રસિદ્ધ.

આપણા સંપ્રદાયમાં સિદ્ધાનંદસ્વામી નામના બે મોટા સંત હતા : (૧) સચ્ચિદાનંદસ્વામીના શિષ્ય. જે મહારાજની મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખતા. શ્રીહરિ સ્વધામ ગયા બાદ અનાદિ મુક્તરાજ સદ્.શ્રીગોપાળાનંદસ્વામી થકી પ્રતિલોમપણે મૂર્તિ ધારવાની લટક શીખ્યા. પછી તેમણે નાનાં મોટા અનેક ગામમાં મંદિરો બંધાવ્યા હતા. (૨) સદ્. શ્રી મુક્તાનંદસ્વામીના શિષ્ય તરીકે રહી સત્સંગની અપાર સેવા કરનાર તથા ઘણાંક ગ્રંથના લેખક અને ચિત્રકાર હતા.

**આશીર્વાદના અધિકારી :**

જેમ શ્રીહરિનો જમણો હાથ બની શુકમુનિ આદર્શ લહિયાની સેવા કરતા હતા તેમજ સત્સંગની મા મુક્તાનંદસ્વામીના હૈયાના હાર બની આધારાનંદ સ્વામી ઉત્તમ લહિયાની સેવા કરતા હતા. આ વાતને નોંધતા ખુદ સ્વામી જ શ્રી હ.ચ.સા.૨૦/૨૩માં કહે છે, "એકવાર મહારાજ ગઢપુરમાં દાદા ખાચરના દરબારમાં નીંબતરુતળે સભા કરીને બેઠા હતા. સંધ્યા આરતી ને ધૂન થયા બાદ તે સમયે પ્રાગજી દવેએ શ્રીહરિને કહ્યું, 'આ આધારાનંદસ્વામી મુક્તાનંદ સ્વામી પાસે રહે છે,

मुक्तमुनि करत ग्रंथ कछु जबहि, ताके पास लिखावत तबहि । मुक्तमुनि उच्चरत चरण जेसे, धारि उर तेहि लिखत हे तेसे ॥

लिखत रहे तेहि भाव सहिता, मुक्तमुनिकी मरजीहि तिमि हिता ॥ मरजी जीमी लिखत रहाते, मुक्तमुनि तिमि बहु भाव रखाते ॥



હે મહારાજ ! મુક્તાનંદ સ્વામી જ્યારે કોઈ પણ ગ્રંથ લખે ત્યારે આધારાનંદસ્વામીને પાસે રાખી તેમની પાસે લખાવે છે. સ્વામી જે રીતે બોલે તે રીતે તે વાતને તરત જ આધારનંદસ્વામી હૈયામાં ધારી લે છે. અને મુક્તાનંદસ્વામીનો જેવો ભાવ હોય તેવું જ તે લખી આપે છે. આવી તેમની સતેજ યાદશક્તિ છે. વળી, જેવી મુક્તાનંદસ્વામીની મરજી હોય તે પ્રમાણે તરત જ આધારાનંદસ્વામી સમજી જાય છે અને કદાચ બોલવામાં શરતચૂક થઈ હોય તો પણ એ પ્રમાણે જ ભાવવાળા વાક્યો લખે છે. મુક્તાનંદસ્વામી શું લખાવા માગે છે ? એવો તેમના હૃદયનો ભાવ આધારાનંદસ્વામી પકડી લે છે. અને પછી તેમની મરજી મુજબ સ્વામીના આદર્શ લહિયા બની, લખવાની સેવા કરે છે. તેથી મુક્તાનંદસ્વામી આધારાનંદસ્વામી ઉપર બહુ જ ભાવ રાખે છે. અને તેને પોતાના હાથ સમાન માને છે. અને તેમના ઉપર બહુ જ કરૂણા વરસાવે છે. હે મહારાજ ! જેમ હરિભક્તો તમારે માટે ફળ - ફૂલ આદિક લાવે છે તેમજ સહુ સંતોમાં મોટેરા જાણીને મુક્તાનંદસ્વામી માટે પણ અપાર વસ્તુ લાવે છે. અને સ્વામી આગળ ભેટ ધરે છે. ભક્તોને રાજી રાખવા મુક્તાનંદસ્વામી થોડું તે જમે છે. બીજું ભક્તોને પાછું આપે છે. પરંતુ સિદ્ધાનંદસ્વામીને નિત્ય પોતાની પ્રસાદી આપે છે.

सिद्धानंद मुनिकुं आपके मानी,
प्रसाद नित देत प्रीत आनी ॥३५॥

આમ મુક્તાનંદસ્વામીના એક આદર્શ લહિયા બની સ્વામીએ સત્સંગની ખૂબ સેવા કરી. અને તેથી જ મુક્તાનંદસ્વામી પણ સ્વામીને શ્રેષ્ઠ પાત્ર સમજી તમામ શ્રીહરિનાં ચરિત્રો પ્રેમથી કહેતા. આધારાનંદસ્વામી કહે છે કે,

तातेमम गुरु परम दयाला, मुक्तानंद मुनि ही कृपाला। मोय कहे हरिचरित्र ही जेसे, ताकि कृपासे लिखत ही तेसे ॥

अनंत कोटि ब्रह्मांडके स्वामी, श्री पुरुपोत्तम यह बहुनामी । करी करुना कलि मही भारी, अनंत अवतारके अवतारी ॥ (१/१/१६)

મુક્તાનંદસ્વામીએ આધારાનંદસ્વામીને શ્રીહરિનાં ચરિત્રોની સાથોસાથ મહારાજની સર્વોપરિતા તથા મૂર્તિની અલૌકિકતા પણ અતિ દૃઢ કરાવેલી. તેના ફળ સ્વરૂપે આધારાનંદસ્વામીએ વિ.સં.૧૮૭૮ આસો સુદ-૧ ગુરુવારે ગઢપુરમાં રહીને 'શ્રી નારાયણ અંગચિંતામણિ' ગ્રંથ રચ્યો. આ ગ્રંથ રચ્યો ત્યારે સ્વામીની ઉંમર આશરે ૨૩ વર્ષની હતી. આધારાનંદસ્વામીએ રચેલો આ સર્વ પ્રથમ ગ્રંથ છે. આ ગ્રંથ રચી સ્વામીએ પોતાના ગુરુ મુક્તાનંદસ્વામીને બતાવ્યો. તેથી સ્વામી ખૂબ રાજી થયા. પછી સ્વશિષ્યને શીખવાડ્યું કે, "જ્યારે પ્રાગજી દવે મહારાજ પાસે બેઠા હોય ત્યારે તેમના હાથમાં આ ગ્રંથ આપજો અને સાનમાં કહેજો કે, 'આ ગ્રંથ મહારાજને વાંચી સંભળાવે.' સાંભળીને શ્રીહરિ પણ તમને ખૂબ જ રાજીપો આપશે."

ગુરુની આજ્ઞા મુજબ આધારાનંદસ્વામીએ પ્રાગજી દવેને 'શ્રીનારાયણ અંગ ચિંતામમણી' ગ્રંથ આપ્યો. પ્રાગજી દવેએ આ ગ્રંથ શ્રીહરિ આગળ વાંચ્યો. સર્વાવતારી શ્રીહરિએ જ્યારે આ શ્રીનારાયણ અંગ ચિંતામણી ગ્રંથ સાંભળ્યો ત્યારે વારંવાર આ ગ્રંથની પ્રશંસા કરી.

दोहा :

नारायण अंग चिंतामणि, सुनिके श्रीमहाराज ।
सराहत भये वेर वेरहि, सुरनर मुनि शिरताज ॥
मुक्त कहे सिद्धानंदकुं, श्रीहरि निकट बोलाये ।
चरन दिने दोउ उर माहि, शिर पर पीछे धराये ॥

પછી મુક્તાનંદસ્વામીને શ્રીહરિએ કહ્યું કે, 'આ સિદ્ધાનંદ મુનિને કાવ્ય કરવામાં સારી ગતિ થશે. એવું મને ચોક્કસ જણાય છે. કોઈ પિંગળ શાસ્ત્ર ભણ્યા હોય અને કવિતા કરે તે વાતનું કાંઈ આશ્ચર્ય નથી પરંતુ પિંગળ શાસ્ત્રને ભણ્યા વિના જે કાવ્ય રચના કરવી, તે આશ્ચર્યકારી વાત છે. આ સિદ્ધાનંદસ્વામી પિંગળ શાસ્ત્ર ભણ્યા વિના કાવ્ય બનાવીને લાવ્યા છે. માટે તે મહાન કવિ થશે, એવું અમને દેખાય છે.

सोरठा : मुक्तमुनि यह ताकुं, श्रीहरि जो कहत भयेउ।
काव्यमें गति वाकुं, पर हि निश्चे कहेऊ हम ॥
मोर हि ताके जोऊ, इंडेकुं न चितरत परत ।
जाकी बुद्धि रहे सोऊ, बचनसे देख आत यह ॥

જેની જેવી બુદ્ધિ હોય તે તેના લખેલા પત્ર ઉપરથી જણાઈ આવે છે.' આમ સ્વામીએ રચેલો આ ગ્રંથ વાંચી શ્રીહરિએ ભવિષ્યવાણી ભાખેલી કે, 'આ ભવિષ્યમાં ઉત્તમ કવિ થશે.' તે જ્યારે શ્રીહરિચરિત્રામૃતસાગર જેવો મહાકાય ગ્રંથ રચાયો ત્યારે સત્ય થઈ છે.

આ ગ્રંથમાં સિદ્ધાનંદ સ્વામીએ શ્રી હરિના મંત્રનો મહિમા, ચિંતવનનો મહિમા, મૂર્તિના અંગોઅંગનું મહિમાત્મક વર્ણન અને છેલ્લે ધ્યાનનો મહિમા કહેલો છે. માતર ૪૯ કડીનો આ ગ્રંથ છે. વળી, શ્રીહરિને આજ્ઞાથી મુક્તાનંદસ્વામી પાસે સંસ્કૃત સાહિત્ય તથા શતાવધાની અને ઉત્તમ કોટીના કવિ એવા



(અનુ.પાન ૨૨ પર)

# શ્રી આલાભાઈ સુતાર

**બારપટોળી**

**લેખક : સ્વામી શ્રી સંતવલ્લભદાસજી - કંડારી ગુરુકુલ, M.A.Phd.**
ગુરુવર્ય શાસ્ત્રીજી સ્વામી પૂ. ચેરમેનશ્રી - વડતાલ

"નાશવંત આ દેહ વડેથી, અવિનાશી ફળ લેવું જી,
પત્રાવળાને જમી કરીને, બહાર ફેંકી દેવુંજી."
- નારાયણદાસ

એક દિવસ આલાભાઈ સુતારના જીવનમાં એક ઘટના ઘટી ગઈ. તેમનો પરિવાર પ્રભુ કૃપાથી ક્ષેમકુશળ હતો પણ નજીકના સ્નેહી સંબંધીને ત્યાં ભરબપોરે વીજળી પડી. એકનો એક જુવાન દીકરો દેવલોકમાં સિધાવ્યો. છાતી ફાટ રૂદન થાય. કરૂણ આક્રંદની વચ્ચે સૌ સૌની હૈયા વરાળ ઠાલવતા જાય ને સાંત્વના આપતા જાય. એક કહે મારો પુત્ર છે પણ બહેરો છે. બીજો કહે મારો બોબડો છે. એક કહે મારો અંધ છે. બીજો કહે મારો અપંગ છે. એક કહે મારો કોઢિયો છે. બીજો કહે મારો કુમતિ છે. સુતમાં ક્યાં સુખ છે.



વડીલે આશ્વાસન સાથે કહ્યું : ભગવાને સંસારની રચના જ એવી કરી છે કે , વિત્તવાળાને સુત નહિ ને સુતવાન નિર્વિત્ત, અને કદાચ સુત અને વિત્ત, બંને હોય તે રોગી હોય. પરણીને સુખી થવા જાય ત્યાં નારી રૂપવંતી અને ગુણવંતી મળે તો તે કાં વિધવા થાય ને વાંઝણી જાય. આમાં ક્યાં સુખની આશા રાખવી, હરિ ભજન જ સુખનું મૂળ છે.

વડીલ સજ્જનની વાત તે પરિવારને કેટલી અસર કરી તે તો કોઈને ખબર ન પડી, પણ એક ખૂણામાં બેઠેલા આલાભાઈના હૃદયમાં આરપાર ઉતરી ગઈ. સોના જેવા શુદ્ધ નિતિમય જીવનમાં ભક્તિની સુગંધ મળી. પેટિયું રળીને સૌ મળીને ભક્તિ કરે, પણ જીવમાં ભારે અસંતોષ, તેમનું મન મૂર્તિમાં નહિ, મૂર્તિમાનમાં વળગેલું. 'અંખિયા હરિ દર્શન કી પ્યાસી' ભેખમાં ભગવાન મળે છે, તેમ માનીને સાધુ સંતોની સેવા કરતા. કોઈ મહાપુરુષના મુખ પર બ્રહ્મતેજ દેખાય તો બ્રહ્મસાક્ષાત્કારની ઝંખના કરે. પ્રગટ દર્શનનો ઉપાય જાણવા પ્રયત્નો કરે પણ તેમની આશાને મૂર્તિમંત કરે એવા પુરુષ હજુ સુધી મળેલા નહિ. ઘણી વાર અંતરના ઊંડાણમાંથી અવાજ આવતો : આલા, આમ ને આમ મરી જઈશ ? આ કળિકાળમાં પ્રગટની પ્રાપ્તિ ન હોય. માટે વલખા મારી મારીને મરવું તે ભગવાને આપેલા મનુષ્ય શરીરનું અપમાન છે, માટે મોજથી જીવી લે. આલા, મોજથી જીવી લે.

મનની આ એક માયા છે તેમ માનીને આલાભાઈ બધું ભૂલી જતા ને ભક્તિમાં લાગી જતા, છતાં અંતરતલપ વધતી જતી હતી. તેમની દૈનિક પ્રાર્થનાનો સૂર વધુ આર્ત ભાવભર્યો થતો જતો હતોઃ "હે પ્રભુ ! આ આલાની આંતરડી ઠાર. વિરહની આગ પ્રજળે છે. તારી કૃપાની વાદળી વરસાવ, દર્શન દે દયાનિધિ દર્શન દે અને દર્શન ના દે તો કંઈ નહિ, એટલું કે દર્શન દિધા વિના દેહ નહિ પડવા દવ..."

આલાભાઈની આર્તસ્તુતિ અવિનાશીએ સાંભળી. આર્તભાવે કરેલી પ્રાર્થના ક્યારેય વ્યર્થ નથી જતી. આલાભાઈને

ત્યાં સુતારી કામની જાણકારી લેવા જોગાભાઈ પટેલ આવ્યા. પટેલ સત્સંગી હતા. કપાળમાં ઉર્ધ્વપુંડ્ર તિલક કરેલું. કંઠમાં કંઠી ધારણ કરેલી. પટેલ લાકડાની વાત કરતા હતા, પણ આજ આલાભાઈનું મન પેલા તિલક પર હતું. તેણે ધીરે રહીને પૂછ્યું જોગાભાઈ ! લાકડાની વાત તો તમને કરીશ જ પણ પેલા એ કહો કે, આ તિલક આવું કેમ કર્યું છે. જોગાભાઈએ પ્રગટ પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણના અલૌકિક પ્રતાપની વાતો કરી. સંતોનો મહિમા કહ્યો અને સત્સંગની દિવ્ય રીતભાતની વાતો કરી. આલાભાઈના અંતરમાં ઉજાસ પથરાયો. ટાઢું ટાઢું થઈ ગયું. તેમણે બંનેએ સાથે મળીને સમયની અનુકૂળતાએ ગઢપુર જઈને દર્શન કરવાનું નક્કી કર્યું.

આલાભાઈને દર્શનની તાલાવેલી હતી પણ જોગાભાઈને વધુ જીવોને જોગ થાય તેવી ઈચ્છા હતી, તેથી સંઘ લઈને દર્શને જવાનું વિચાર્યું. તેમાં સૌની અનુકૂળતા જોવા જતાં થોડો સમય ખેંચાઈ ગયો. એક દિવસ સંતપ્રેમી આલાભાઈને ત્યાં એક અતિથિ વૈરાગી આવ્યા. તેમની યથોચિત સેવા કરીને આલાભાઈએ તો હૃદયની ભાવોર્મિઓ તેમની સમક્ષ ઠાલવવા માંડી. મારે તો પૂર્વભવનાં પુણ્ય ઉદય થયાં છે. પણ કંઈક કરમની કઠણાય નડે છે. ગઢડા સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કરવા જવું છે પણ અંજળ નથી આવતા. આલાભાઈની પ્રેમઘેલી વાતો સાંભળીને વૈરાગીએ વિદ્વેષનું વિખ ઓકવા માંડ્યું : અરે ભાઈ ! તુમ નહિ જાનતા, ઉનકા અસલ નામ જીવન મુક્તા હૈ. બડા પાખંડ કરતા હૈ, જાદુ ટોના ભી જાનતા હૈ, બચપનમેં ઘર સે ભાગ ગયા થા ઔર કામરું દેશમેં ચલા ગયા થા. વહાં ઈન્દ્રજાળ વિદ્યા પઢકે ઈધર ગુજરાતમેં ભાગ આયા હૈ, હમ જૈસે બુર્જુગ લોગો કો કોઈ પૂછતા તક નહિ હે ઓર વો ભગવાન હો ગયા હૈ.



હમે કોઈ પૂછે તો હમ બતાવે, કિ વો કૈસા પાંખડ કરતા હૈ. દેખો, મૈંને તુમ્હારી રોટી ખાઈ ઈસલિયે બતાતા હું. ઉનકા પાખંડ તુલસી ઓર સુખડ કે પાસ નહિ ચલતા. ઈસલિયે વો દોનો સે ડરતા હૈ. રામ...રામ...રામ... વૈરાગી ગયો અને ભગતની શ્રદ્ધા લેતો ગયો. શંકાશૂળ આપતો ગયો. આવા હિતેચ્છું વૈરાગીઓ આજે પણ હોય છે !

આલાભાઈએ ખૂબ વિચાર કર્યો ને પરીક્ષા કરવાનું નક્કી કર્યું. જ્યારે ગઢપુર જવાનું થાય ત્યારે તુલસી અને સુખડ સાથે લઈને જવું, એટલે પરીક્ષા થઈ જશે. બસ પછી તો પાછા રામ ભજનમાં લાગી ગયા. હવે કંઈ ગઢડા જવાની ઉત્કટ ઈચ્છા પણ ન હતી. કદાચ એટલે જ પ્રેમાનંદ સ્વામીએ ‘વિમુખ જીવ કે વદન સે કથા સુની નહિ જાત’ ગાયું હશે, પણ ભગતને ઘેર જોગાભાઈ પટેલને ત્યાંથી સમાચાર આવ્યા કે સંઘ લઈને પદયાત્રા કરતાં કરતાં ગઢપુર જવું છે. આલાભાઈએ ભાથું તૈયાર કરાવ્યું. તુલસી અને સુખડનાં લાકડાં પાઘડામાં મૂક્યાં.

સંઘના આગેવાન જોગાભાઈ. જોગાભાઈને સંતોનો જોગ રગ રગમાં ઉતરી ગયેલો તેથી સંઘની પદયાત્રા ભક્તિયાત્રા બની રહી. ધૂન-કીર્તન અને હરિસ્મરણ સાથે સંઘ ગઢડા પહોંચ્યો. ગઢડાની પવિત્ર ભૂમિમાં પ્રવેશ કરતાં જ આલા સુતારની માલા થંભી ગઈ. અગાઢ ગૂઢ શક્તિનો સાગર તેને ખેંચી રહ્યો હોય તેવું લાગ્યું, પણ પેલા વૈરાગીની વિખવાણીની અસર ઓસરતી ન હતી. તેના મનમાં તે વાતો ટોપલામાં પડેલાં સાપોલિયાની જેમ સળવળતી હતી.

એવામાં સંઘમાં જયઘોષ થયો. દૂરથી શ્રીહરિનાં દર્શન થયાં. શ્રીહરિ હજી દિશાએ જઈને આવી રહ્યા હતા. હસ્તપ્રક્ષાલનાદિ વિધિ બાકી હતી. સત્સંગીઓ પગે પડવા દોડ્યા, પણ

શ્રીહરિ દૂર જતા રહ્યા. આ ઘટનાથી આલા સુતારના મનમાં વૈરાગીની વાતનો વિશ્વાસ વધી ગયો. તેમણે નકકી કરી લીધું કે , જાગો પટેલ જૂઠો ને વૈરાગી સાચા, પણ હવે કંઈ બોલવું નહિ. સંઘની શક્તિ આગળ આપણું શું ઉપજે ? માટે મૌન રહેવું. મારી પાસે સુખડ અને તુલસીનાં લાકડાં છે એટલે જ સ્વામિનારાયણ અમારા સંઘની નજીક પણ ન આવ્યા.

સંઘ તો તેની મસ્તીમાં હતો. દરબારગઢમાં પહોંચી ઉતારા પાણી કરીને નિત્યવિધિથી પરવારીને લીંબતરું પાસે આવ્યા ત્યાં તો શ્રીહરિ પણ સ્નાનાદિ નિત્યવિધિ કરીને સર્વે શ્વેત વસ્ત્રો ધારણ કરીને આવતા દેખાયા ! સૌની આંખો એ માધુરી મૂર્તિનું રસપાન કરવા લાગી, પણ આલાને મન વૈરાગીનાં વચનના ભાલા વાગેલા. તે તો એકબાજું ઊભા રહી ગયેલા. સૌ સંઘના ભક્તોએ પ્રેમથી ધૂળમાં જ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. પાદસ્પર્શ કરી પરમહંસોને વંદન કરી યથાસ્થાન સભામાં બેસવા લાગ્યા. ત્યારે શ્રીહરિએ દૂર ઊભેલા ઓલ્યા આલાભાઈને કહ્યું : અરે ઓ આલાભાઈ ! આટલા દિવસથી અમારી રાહ જોતા હતા ને હવે આજે આઘા કેમ ઊભા છો ? આવો, આવો અને તુલસી ને સુખડ ભેટ ધરો એટલે શંકાની શૂળ પણ નિર્મૂળ થઈ જશે.આ વચનો વિશલ્યકરણી ઔષધીનું કામ કરી ગયાં. તેના મનમાં વિમુખનાં વચનના ભાલા વાગેલા તે નીકળી ગયા. તેમને ખાતરી થઈ કે આ તો અંતર્યામી છે. સાક્ષાત હરિ છે. સુખડ અને તુલસી શ્રીહરિને ચરણે ધરી, એટલું જ નહિ મસ્તક પણ ચરણે ધરી દીધું. આજ મારા આતમમાં અજવાળું થયું છે. જીવતરમાં જગદીશ્વર મળ્યા છો. પ્રભુ ! આ રાંક ગંગાને કાંઠેથી તરસ્યો જઈ રહ્યો હતો તેને કૃપા કરીને બચાવ્યો છે. બસ, હવે એક જ વિનંતી છે ‘‘અંતકાળે આવી રે સાંભળી



લેજો શામળા’’ કે હવે આપના કૃપારસને ચાખ્યા પછી વૈરાગીઓનાં વિખવચનો નહિ સાંભળું, હવે આ જીવતર તમારા નામ પર કુરબાન છે.‘‘તારા ચરણ તણી રજ શ્યામ થઈને ચાલું રે,

કો’તે વ્રત રાખું મહારાજ તમને વહાલું રે.’’

(પ્રેમાનંદ સ્વામી)

શ્રીહરિએ કહ્યું : અમારું કહ્યું નહી, શાસ્ત્રનું કહ્યું સ્વીકારો. આલાભાઈ કહે, પ્રભુ ! હવે આપનું વચન એ જ વેદવાણી. જોગો પટેલ પણ આ બધું સાંભળી જ રહ્યા. અંતે મહારાજે તેમને શ્રીમુક્તાનંદ સ્વામી પાસે વર્તમાન ધારણ કરાવ્યા. સ્વામીએ કંઠી બાંધીને પંચવર્તમાનની સાથે સાથે શ્રીહરિની સર્વોપરી મહિમાની વાતો કરી. ગંગાના પ્રવાહ જેવી ધીર-ગંભીરવાણીએ આલાના અંતરને અમૃત રસ તરબતર કરી દીધું. આજની સભામાં આલાભાઈ જ કેન્દ્રિય ચર્ચાનો વિષય બની ગયા. સંઘના માણસો પણ પરસ્પર તેની જ વાતનો ગુંજારવ કરતા રહ્યા. મહારાજનાં દર્શન, અંતર્યામીપણે નામ દઈને કહેલી મનની વાત અને મુક્તાનંદ સ્વામીની ઉપદેશવાણી ; હીરની દોરી પર દિવેલનું ટીપું મૂકીને મારેલી ગાંઠનું કામ કરી ગઈ. આલાભાઈ આદર્શ ભગત બન્યા. ભક્ત તો હતા એમાં પ્રગટની પ્રાપ્તિ થઈ. સોળ આની સત્સંગ સાચવતા આ ભક્તરાજ સદૈવ આઠો પહોર આનંદમાં રહેતા, પણ તેમના પિતાશ્રીનો વિચાર કરતા ત્યારે થોડું લાગી આવતું. આખું ગામ આલા ભગતનું વચન માને પણ તેના પિતાશ્રી ધનાભાઈ ન માને. તેને કળિયુગમાં ભગવાન હોય તે વાતમાં કોઈ રીતે વિશ્વાસ બેસે નહિ ને આલા ભગત અંતરમાં મૂંઝાયા કરે.

એવામાં એકવાર શ્રી રાઘવાનંદ સ્વામી બારપટોળી પધાર્યા. આલાભગતે આગ્રહ કર્યો. અમારા સંત

આવ્યા છે ને આપને યાદ કરે છે. પિતાજી ! તમે મળવા તો આવો, સંતને મળવામાં વળી શું નુકશાન ? ધનાભાઈએ ઘડીનોય વિલંબ કર્યા વિના ધડ દઈને ના પાડી દીધી. મારાથી એ નહિ બને. બાપ - દીકરાને ખૂબ લાંબી રકઝક ચાલી. આલાભગત નિરાશ થવામાં માનતા જ ન હતા. તેણે તેની વાત પકડી રાખી, એટલું જ નહીં થોડા કડક શબ્દો પણ કહ્યા. ત્યારે ધનાભાઈએ પોતાની પક્કડ ઢીલી કરી. સારું ત્યારે આવું, પણ હું લાંબું નહિ બેસું. ઈ કથા ને ઈ વાતું તો નહિ જ ફાવે, સમજ્યો ? આલાભગતે કહ્યું, દર્શન કરીને બે મીઠી વાત કરીને પાછા આવી જજો એટલે તમારું પણ રહે ને અમારા સંતનું વચન પણ રહે. પિતા પુત્ર સંતો પાસે આવ્યા. પિતા સાથે મીઠો કલહ કરવામાં કથા પૂર્ણ થઈ ગયેલી. શ્રી રાઘવાનંદ સ્વામી ત્યાં જ બિરાજમાન હતા. ભગતે થોડી ઓળખાણ કરાવી. સ્વામીએ, અજસ્ર વાગ્ધારા વહાવી, ધનાભાઈનું અંતર વીંધાઈ ગયું, પણ પાછલાં કર્મએ હાથ પકડ્યો. હવે ગઢપણમાં ગોવિંદ ગાવાથી કંઈ નહિ વળે, કરેલાં કર્મ ભોગવ્યા વિના ક્યાં કોઈનો છૂટકો છે ? માટે આ ઉંમરે હવે આ શું કરો છો. અંતરમાં થોડી લડાઈ થઈ પણ સંતનું સાંનિધ્ય હોય એટલે સત્યનો જ વિજય થાય. (ગ .પ્ર.૭૦) ધનાભાઈએ હિંમત કરીને કહ્યું કે, કંઠી બાંધું પણ માત્રને માત્ર એક જ વાર, બીજીવાર કંઠી નહિ બાંધું, માટે મને વચન આપો કે, કંઠી તૂટે એટલે આલાના ઐશ્વર્યશાળી ભગવાન મને ધામમાં તેડી જાય; તો હું કંઠી બાંધું.



સ્વામીએ કહ્યું : એ ભગવાન સ્વામિનારાયણ તમારો એ સંકલ્પ પૂર્ણ કરશે. પણ એકવાર તમે તેના શરણાગત થાઓ. પંચવર્તમાન ધારણ કરો અને પ્રેમે પ્રગટનો ભક્તિયજ્ઞ આદરો. અંતકાળની રાહ જોયા વિના કંઠી તૂટે એટલે તમને અક્ષરધામમાં પહોંચાડવાની જવાબદારી અમારે શીરે.

સંતની આવી કરુણાભરી વાણી સાંભળીને ધનાભગતનું પાષાણ જેવું લાગતું હૃદય નવનીતની જેમ પીગળી ગયું. તેની આંખો સજળ થઈ ગઈ. હાથ જોડ્યા. તો કરો કંકુના. સ્વામીએ શરણમંત્ર બોલીને કંઠી પહેરાવી. ધનાભાઈ ધન્ય થઈ ગયા. આલાભગતનું અંતર આનંદથી નાચી ઊઠ્યું.

એક દિવસ સવારે ધનાભગત, હે મહારાજ ! ઘેલા નાહ્યા, ગોમતીમાં નાહ્યા, હે મુક્તાનંદસ્વામી ! હે ગોપાળાનંદ સ્વામી ! હે વરતાલવાસી ! એમ શ્રીજી સ્મરણ સાથે સ્નાન કરતા હતા. હાથનો ઝટકો વાગ્યો ને કંઠી તૂટી ગઈ ! આલાભગતે નવી કંઠી આપી, પણ તેમણે કહ્યું : મેં તો એક જ વાર કંઠી ધારવાનું નિયમ લીધેલું. હવે બસ, હું જો તારા ભગવાન ખરેખર પ્રતાપી હશે, તારા સંત સાચા હશે તો આજે જ આ શરીર છોડીશ. માટે તું કામે પણ ના જઈશ. સ્નાન-પૂજાપાઠાદિક નિત્યવિધિમાંથી પરવાર્યા, ત્યાં તો શરીરમાં કળતર જેવું લાગ્યું. મધ્યાહ્ન સમય થયો ત્યાં તો તીવ્ર જ્વર આવ્યો. ધનાભાઈ સમજી ગયા. ગૌછાણથી ભૂમિ લીંપાવીને હાથમાં માળા લઈને ભજન કરવા બેઠા. તેમની ઉંમર જેટલી માળા પુરી થાય તે પહેલાં જ ભગવાન શ્રીહરિ સદ્‌ગુરુશ્રી રાઘવાનંદ સ્વામીને સાથે લઈને પધાર્યા. દર્શન કરતાં જ ભગતે બૂમ પાડીઃ સંતો આવ્યા, બહેનો બહાર જતાં રહો. નહિતર તેમને કારણ વિનાનો ઉપવાસ આવશે. બહેનો બહાર ગયાં. ધનાભાઈએ સૌને છેલ્લા જય શ્રી સ્વામિનારાયણ કહ્યા ને ધામમાં સિધાવ્યા. આલાભગતે છતે દેહે પિતાની સદ્‌ગતિનો આનંદ માણ્યો. નાશવંત દેહ વડે અવિનાશી ફળ પોતે તો લીધું જ, પિતાને પણ દીધું, સત્સંગ રસપાન કરાવીને.

# શિક્ષાપત્રી

**A Management Mannual**

- ડો. સુરેશ પટેલ

આ લેખન માળાના પ્રારંભમાં આપણે વર્તન-વિચાર-ઉર્મિ એ ત્રણનું સંયોજન જોઈ ગયા છીએ. આપણાં ‘‘હોવાપણા’’ની અભિવ્યક્તિ આ ત્રણ થકી ‘‘થતી રહે’’ છે. આપણી અભિવ્યક્તિ અને એનું સંયોજન આપણે જો સ્વયં ‘હોશમાં’ હોઈએ તો જોઈ શકીએ છીએ અથવા સમજી શકીએ છીએ. પરંતુ સામેવાળી વ્યક્તિ માત્ર અને માત્ર આપણું વર્તન જ જુએ છે અને આપણાં વર્તનને પોતાની સમજ પ્રમાણે જ મૂલવે છે. આપણાં અમુક વર્તનની પાછળ રહેલ આપણા ચોક્કસ વિચારો અને એ વિચારોને પ્રેરવાની ચોક્કસ ઉર્મિઓ/ભાવનાઓ/લાગણીઓનો એને કદાપિ ખ્યાલ આવી શકતો નથી.

આપણે કોશિશ કરીએ તો પણ પ્રત્યેક વર્તનની પાછળના પ્રત્યેક વિચાર અને પ્રત્યેક વિચાર પાછળની પ્રત્યેક ઉર્મિને કહી શકતાં નથી, વર્ણવી શકતાં નથી. વિચારો તો કંકઈ અંશે વર્ણવી શકાય કે સમજાવી શકાય, લખી પણ શકાય પરંતુ લાગણી તો માત્ર અને માત્ર અનુભવનો જ વિષય હોવાથી આપણી અનુભૂતિ સામેવાળાને કદાપિ કરાવી શકતા નથી. હું રસગુલ્લાનું વર્ણન કરું અને મને બહુ ભાવે છે એવું કહું (જે સાચું છે) તેથી રસગુલ્લાનો સ્વાદ આપને આવવાનો નથી ! અરે હું આપની સમક્ષ આપને બતાવીને ખાઉં અને આનંદથી ઉભરાઈ જાઉં, તોય આપને એનો સ્વાદ આવશે નહીં. કદાચ એવું ય બને કે આપને જો રસગુલ્લા ન ભાવતાં હોય તો મારાં આવાં વર્તન થકી આપને મારા માટે પણ અણગમો થઈ જાય !



મારા એક મિત્ર છે, જે મને નહીં ભાવતું એવું ટીંડોરાનું શાક મારા માટે ખાસ બનાવે છે, કેમકે એમને એ બહુ જ ભાવે છે. આપ કલ્પી શકો છો કે એ જ્યારે આગ્રહ કરે ત્યારે મને શું થતું હશે ?!!!

આ ઉદાહરણથી સ્પષ્ટ થયું હશે કે આપણે અન્યનું આચરણ તો જોઈ શકીએ છીએ પણ એ આચરણ પાછળ એ વ્યક્તિના કયા હેતુઓ (વિચારો અને ઉર્મિઓ) હશે તે જોઈ શકતાં નથી.

હવે બીજી મજાની વાત એ છે કે પૃથ્વી પરના કોઈ બે માણસો સરખાં નથી. અર્થાત્ બેઉના વર્તનો જુદાં હોવા એ અત્યંત સહજ છે. જો પરાણે સમાન વર્તન કરાવવામાં આવે તો પણ બંનેના એ વર્તન પાછળ સમાન હેતુઓ જ રહે એવું સિદ્ધ કરવું અત્યંત કઠિન હોય છે અને વર્તનને આધારે કદાપિ હેતુનું મૂલ્યાંકન થઈ શકે નહીં.

મેનેજમેન્ટનું વિજ્ઞાન આપી જ ‘હેતુ એક હોય’ તેનાથી કામની-સંસ્થાની-પ્રકલ્પની શરૂઆત કરવાનું કહે છે. જો હેતુ એક હોય તો વિવિધ વર્તનોની સાથે વિવિધ કામોને સાંકળી શકાય અને વિવિધ વર્તનોમાં કુશળ વ્યક્તિઓને વિશેષ જવાબદારી સોંપી શકાય. જેમ કે શાળામાં ‘બાળકોને એમની સુષુપ્ત શક્તિઓ જાગૃત કરતાં કેળવવા’નો હેતુ હોય અને એ હેતુને ધ્યાનમાં રાખીને સૌ કામ કરતાં હોય અને પોતાની

કામગીરી શ્રેષ્ઠતમ કરતાં હોય તો કોઈક શ્રેષ્ઠ શિક્ષક હોય, કોઈક કોઈક શ્રેષ્ઠ વહીવટકર્તા હોય અને કોઈક શ્રેષ્ઠ પટાવાળા હોય. એક જ હેતુને વરેલાં આ તમામના આચરણ જુદાં જણાશે પણ છતાંયે અભ્યાસના અંતે શાળાનો હેતુ સિદ્ધ થશે. આની જગ્યાએ જે શાળમાં શિક્ષકનો હેતુ પગાર વધુ લેવાનો, વહીવટકર્તાનો હેતુ પૈસા બચાવવાનો અને પટાવાળાનો હેતુ કામચોરીનો હોય તો તે શાળાનો વિદ્યાર્થી કદાચ પરીક્ષાઓ તો પાસ કરી દેશે, પણ પોતાની શાળામાંથી જીવન જરૂરી કેળવણી પામશે નહીં.

અર્થાત્ વ્યક્તિએ, કુટુંબે, સમાજે કે સંસ્થાએ ક્યારેક પણ કોઈનું મૂલ્યાંકન કરવાનું હોય તો માત્ર આચરણ જોઈને કરાય નહીં. (હા, લાંબા સમય સુધી આચરણ જોવાય, વિપરીત પરિસ્થિતિઓમાં ખાસ જોવાય અને વાતચીતના માધ્યમથી વિચારો સમજાય તો કોઈક અંશે મૂલ્યાંકન વાજબીપણે કરી શકાય ખરું.)

હવે વિશેષ વાત જે આ શ્લોકમાં આવે છે તે એ છે કે 'અયોગ્ય આચરણ' કોને કહેવું? સામાન્ય રીતે યોગ્ય અને અયોગ્ય વર્તનનો નિર્ણય ન્યાયાધીશ કરતા હોય છે, પરંતુ સામાન્ય સમજ પ્રમાણે કોઈપણ વ્યવસ્થા બરાબર ચલાવવી હોય તો નિયમો ઘડવા પડે અને જે એ નિયમો મુજબ ન વર્તે, એ નિયમનો જાણી જોઈને ભંગ કરે તે વ્યક્તિએ 'અયોગ્ય આચરણ' કર્યું. કહેવાય.

આપણે કેટલીક વ્યવસ્થાઓ (સિસ્ટમ) જોઈએ. એક છે વૈશ્વિક વ્યવસ્થા; જેમાં ગુરુત્વાકર્ષણના નિયમ થકી સૂર્ય-પૃથ્વી-ચંદ્ર બધું ઘૂમ્યા કરે છે, રાત-દિવસ થાય છે, ઋતુઓ બદલાય છે. બીજી છે આ વ્યવસ્થા ઉપર આધારિત પ્રાકૃતિક વ્યવસ્થા જેમાં વિવિધ જીવો ચયાપચયના નિયમો પ્રમાણે જીવન વ્યાપન કરે છે અને ત્રીજી છે જીવો ભેગા



મળીને જે સમાજ રચે તેના કેટલાંક સ્વરચિત નિયમો મુજબ પોતાના આહાર-વિહાર-વ્યવહાર કરે. ત્રણેય સ્તરના નિયમોનો ભંગ થાય એટલે એના પરિણામ ભંગ કરનારે તો ભોગવવા જ પડે. જેમકે હું ત્રીજા માળેથી રોડ પર ભુસકો મારું (ગુરુત્વાકર્ષણના નિયમનો અનાદર કરીને) તો મને અસંખ્ય શારીરિક ઈજાઓ થાય. આને કારણે હું દુઃખી થઉં જ, પરંતુ સાથોસાથ મારી સુશ્રુષા જેમણે કરવી પડે તે તમામ દુઃખી થાય. આવી બાબત મારા સમાજ કે મારા કુટુંબને સ્વીકાર્ય ન જ હોય તેથી મારા આ કૃત્યને 'અયોગ્ય આચરણ' કહેવાય અને ભારતીય દંડ સંહિતા મુજબ મારા આ આચરણને આત્મઘાતનો પ્રયત્ન ગણાવાય અને મારે જેલવાસ પણ ભોગવવો પડે.

હવે સ્પષ્ટ થઈ ગયું હશે કે જ્યારે આપણે સમાજમાં રહેતા હોઈએ અને એમાં પણ આપણે કેટલાક પેટા સમાજો રચ્યા હોય ત્યારે આપણી દૃષ્ટિએ કે બૃહદ્ સમાજની દૃષ્ટિએ એવા અસંખ્ય લોકો મળી આવે જેમણે અયોગ્ય વર્તન કર્યું હોય. આવા પ્રત્યેક અયોગ્ય આચરણ જોઈને કે એ વિશે સાંભળીને

આપણને ક્રોધ ચડે તો આપણી પોતાની શી સ્થિતિ થાય ? વળી પાછું 'ક્રોધ ચડવો'એ પણ અયોગ્ય આચરણની વ્યાખ્યામાં જ આવે!! અર્થાત્ આપણને 'ક્રોધ આવે પણ ખરો અને વ્યક્ત પણ ન કરાય' એવી સ્થિતિનું નિર્માણ થાય.

હકીકતે દૈનિક જીવનમાં આમ થતું જ હોય છે. આપણે આપણા ગુસ્સાને રોકતા હોઈએ છીએ. વારંવાર રોકાયેલો ગુસ્સો ક્યારેક દબાયેલી સ્પ્રિંગની જેમ ઉછળી આવે છે અને એની અભિવ્યક્તિ અત્યંત હિંસક હોય છે. શ્રી સહજાનંદ સ્વામીએ આથી જ આજ્ઞા કરી છે કે જો એવું અયોગ્ય આચરણ થઈ જાય તો પોતાનું કે અન્યનું અંગ છેદન ન કરવું. વર્તમાન સમયમાં આપણે હિંસાનું જે તાંડવ જોઈએ છીએ, તે આજ્ઞાનું ઉલ્લંઘન જ છે. અર્થાત્ આપણે પણ જો આવી આત્યંતિક હિંસાની સ્થિતિએ પહોંચવા ના ઈચ્છતા હોઈએ તો 'પાણી પહેલાં પાળ' બાંધવી જ રહી. સામેવાળાના અયોગ્ય લેખાતાં આચરણને મૂલવતાં પહેલાં પોતાની 'વધુ પડતી અપેક્ષાઓ' તપાસી લેવી. 'ન્યાયાધીશ થવાનો (પ્રત્યેક બાબતમાં) ઠેકો ન લેવો', 'મનુષ્ય માત્ર ભૂલને પાત્ર' યાદ રાખી અન્યને માફ કરી દેવા વગેરે. સાથોસાથ ગુસ્સાનાં મૂળ સુધી પહોંચવું અને ત્યાંથી જ એને હટાવવો. ચહેરા પરથી ગુસ્સો હટાવીએ પણ મનમાંથી ધૃણા કે ધિક્કાર ન હટાવીએ તો એ ફરી ક્યારેક અને ક્યારેક તો અભિવ્યક્ત થશે જ.

બીજા શ્લોકમાં ત્રણ અદ્ભૂત શબ્દો પ્રાપ્ત થયા છે. 'ધર્મ, ચોરકર્મ, અને આજ્ઞા' આ ત્રણ શબ્દો જે મંચ પર નૃત્ય કરે છે એ મંચ છે- 'ધણિયાતી વસ્તુ'.

જે આજે મારું છે, તે કાલે કોઈનું હતું અને આવતી કાલે કોઈનું હશે. આવું આપણે બોલતા હોઈએ છીએ તો પછી ધણિયાતું કોને કહેવું ?

ધર્મ કોને કહેવો ?

મેનેજમેન્ટમાં કયાંય ધર્મ હોય ખરો ?

પૈસા કમાવવા એ ધર્મ છે ?

આ જમાનામાં ધાર્મિક રીતે પૈસા કમાઈ શકાય ખરા ?

વસ્તુની હેરાફેરી એટલે ચોરી કે ચોરી એટલે હેરાફેરી ?

ધણીની જ ખબર ન હોય તો આજ્ઞા કોની લેવી?

આવા તમામ પ્રશ્નોના જવાબ માટે મળીશું આવતાં અંકે.

મારું લેખનું આ રીતે અટકાવવું મેં 'અયોગ્ય આચરણ' કર્યું તેમ લાગતું હોય તો મને માફ કરજો.

જય શ્રી સ્વામિનારાયણ.




ભક્ત... (પાન ૫ નું ચાલુ)

જે નીચે પ્રમાણે છે.

(૧) સાચો ભક્ત (૨) કાયર ભક્ત (૩) શુરવીર ભક્ત (૪) ખરો ભક્ત (૫) પાકો ભક્ત (૬) પ્રિતીવાળો ભક્ત (૭) એકાંતિક ભક્ત (૮) પ્રાકૃત ભક્ત (૯) ન્યુન ભક્ત (૧૦) અથાર્થી ભક્ત (૧૧) નિર્માની ભક્ત (૧૨) સમર્થ ભક્ત (૧૩) પરિપૂર્ણ ભક્ત (૧૪) શ્રેષ્ઠ ભક્ત (૧૫) અપક્વ ભક્ત (૧૬) વિવેકી ભક્ત (૧૭) જ્ઞાની ભક્ત (૧૮) વિશ્વાસુ ભક્ત.

**સાચો ભક્ત :**

સાચા ભક્તના લક્ષણ ગ.મ. ૩૮ના વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે "ભગવાનનો ભક્ત હોય તેને જંત્ર, મંત્ર, નાટક ચેટકમાં ક્યાંક પ્રતીતિ આવે જ નહિ અને જે હરિભક્ત હોય ને જંત્ર, મંત્ર, નાટક ચેટકમાં ક્યાંય પ્રતીતિ આવે જ નહિ અને જે હરિભક્ત હોય ને જંત્રમંત્રમાં પ્રતીતિ કરે તે સત્સંગી હોય તો પણ અર્ધો વિમુખ જાણવો. અને જે સાચા ભગવાનના ભક્ત હોય તે ઘણા હોય નહિ" ઉપરોક્ત શ્રીજી મહારાજના શબ્દો જોતા એમ જણાય છે કે સાચો ભક્ત હોય તેને ભગવાન સિવાય બીજે ક્યાંય પ્રતીતિ આવે જ નહિ. દોરા, ધાગા, જંત્ર, મંત્ર કે બીજા કોઈ ભુવા ભરાડીની વાત સાચી લાગે નહિ અને તેમાં પ્રતીતિ આવે જ નહિ. કોઈ દેવ-દેવી, માતાજી, શનિદેવ, મામાદેવ, ભૈરવ વિગેરેમાં પ્રતીતિ આવે જ નહિ. તેને કોઈની માનતા ન કરવાની હોય, કોઈ દેવના નિવેદ ન કરવાના હોય સાચા ભક્તને તો ભગવાનની ભક્તિ જ ગમે અને ભગવાન વિના ક્યાંય આસ્થા બંધાય નહિ. એવા સાચા ભક્તતો કારિયાણી ગામના માચા ખાચર હતા. સત્સંગી થયા પહેલા માર્ગીના પંથમાં હતા. પોતાના ગામમાં પોતે સદાવ્રત ચલાવતા હતા. કોઈક કીમિયાવાળો આવ્યોને કહ્યું કે, "તમે સદાવ્રતી છો તમારે રૂપિયાની ખુબ જ જરૂર પડતી હોય છે, તો હું તમોને એક જડીબુટ્ટી આપું. જે જડીબુટ્ટીથી ત્રાંબામાંથી ચાંદી થાય," એમ કહી તેણે ત્રાંબામાંથી ચાંદી કરી બતાવી, પણ માચા ખાચર સાચા ભક્ત હતા તેને આવી જડીબુટ્ટીની જરૂર ન હતી તેને તો ભગવાનની જરૂર હતી. તેથી તેમાં પ્રતીતિ ન આવી, પરંતુ કોઈ દિવસ ગામમાં ન આવે અને બીજાને ન છેતરે તે માટે તેણે લાકડી લીધી અને જડીબુટ્ટીવાળાને કહ્યું કે, "ભાગીજા નહિંતર લાકડીએ લાકડીએ મારીશ." એમ કહી ગામ બહાર કાઢી મુક્યો. માટે સાચા ભક્ત હોય તેને ક્યાંય પ્રતીતિ હોય નહિ. માટે સાચા ભક્ત થવું તો ભગવાન જરૂર મળે તે નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું છે.

સાચાને સોંઘા ઘણા છે, નથી મોંઘા થયા મહારાજ ।
ખોટાને ન જડે ખોળતા, તે દિન કે વળી આજ ॥



**કાયર ભક્ત :**

કાયર ભક્ત દેહાભિમાની હોય છે. તેને દેહનું સુખ મળતુ હોય તો તે ધર્મને પણ છોડી દે, નિયમ પણ છોડી દે, સત્સંગમાં અથવા મંદિરે આવતો હોય તેનું પણ એ જ પ્રયોજન હોય દૈહિક સુખ મળે. કાયર ભક્તના લક્ષણ શ્રીજી મહારાજ ગ.મ.૨૨ના વચનામૃતમાં લખે છે "કાયરને ઠેકાણે જે દેહાભિમાની એવા ભગવાનના ભક્ત છે તેને તો પ્રભુ ભજવામાં હજાર જાતના ઘાટ થાય છે. જો કરડા વર્તમાન થશે તો નહિ નભાય ને સુગમ વર્તમાન હશે તો નભાશે અને વળી એવો પણ વિચાર કરે જે આવો ઉપાય કરીએ તો સંસારમાં પણ સુખિયા થઈએ અને નભાશે તો હળવા હળવા સત્સંગમાં નભીશું એવો ભક્ત હોય તે કાયરને ઠેકાણે જાણવો."

સદ્. શ્રી આધારાનંદ સ્વામી... (પાન ૧૩ નું ચાલુ)

બ્રહ્માનંદસ્વામી પસોથી પિંગળ શાસ્ત્ર ભણી શ્રેષ્ઠ કવિત્વ પણ શીખ્યા હતા.

**આદર્શ ચિત્રકાર :**

(વાસુ.ચરણ.કૃત હ.ચ.ચિં.કિ.૨૨) એકવાર શ્રીહરિ ગઢપુરમાં બેઠા હતા ત્યારે માળા સુતરની સત્તર લાવી, જીષ્ણુદાસે હરિને પહેરવી; આધારાનંદે હાથે બનાવી, ચાખડી ચાર જોડ્ય પહેરાવી.

આધારાનંદજીને આવાર, દીધી પાઘ પછેડી કરી પ્યાર;

સં.૧૮૭૮ ફાગણ સુદ ત્રીજે મહારાજે અમદાવાદમાં શ્રી નરનારાણ દેવની પ્રતિષ્ઠા કરી .અને પાંચમને દિવસે જગજાહેર બ્રાહ્મણોની ચોરાશી કરી. તે વખતે સર્વે પરમહંસો અને અસંખ્ય ભક્તો ભેગા થયા હતા. મહારાજે તે વખતે નરનારાયણ ને રાધાકૃષ્ણની છાપો બધાને પૂજવા આપી. ત્યારે પ્રગટની ઉપાસના ને મહારાજનો સર્વોપરિ નિશ્ચય ધરાવતા આધારાનંદસ્વામીને થયું કે, 'મહારાજે મને ચીતારાની કળા આપી છે તો તેનો ઉપયોગ કેમ ન કરું...!!' તેમણે મહારાજની મૂર્તિ અંતરમાં ધારી લીધી અને હૂબહૂ મહારાજની મૂર્તિની ચિત્ર છબી તૈયાર કરી. તેથી મહારાજ તેમના પર અતિ પ્રસન્ન થયા.

ત્યારે આધારાનંદસ્વામીએ કહ્યું, 'હે મહારાજ ! આપની મૂર્તિની છબી પણ સૌને આપો.' તેમની ભાવના જોઈ મહારાજે સંમતી દર્શાવી. તાબડતોબ તેની છાપ (લાકડાનું બીબું) નારાયણજી સુથારે તૈયાર કરી આપી. તેના વડે છાપ છાપીને મહારાજની મૂર્તિઓ સૌને પૂજવા અપાઈ. આમ, સંપ્રદાયમાં સૌ પ્રથમવાર નિત્ય પૂજામાં મહારાજની મૂર્તિ રાખવાનું શરૂ થયું. અને પછી પધરામણી વગેરેમાં સંતો મહારાજની મૂર્તિ રાખતા શરૂ થયા તેનું શ્રેય આધારાનંદ સ્વામીને ફાળે જાય છે.



સ્વામીએ પોતાને સાંપડેલ હસ્તકૌશલ્ય દ્વારા શ્રીહરિની સુંદર છબીઓ બનાવી છે. આજે પણ સ્વામીએ બનાવેલી સંપ્રદાયના આભૂષણરૂપ એક ચક્ષુની શ્રીહરિની પ્રતિમા ઘણા સંતો-ભક્તો પાસે જોવા મળે છે. અને સાંપ્રદાયિક ગ્રંથોમાં પણ તેનો ઉલ્લેખ જોવા મળે છે. એકવાર શ્રીજી મહારાજે પ્રસન્ન થઈને સ્વામીને પોતાની મૂર્તિઓ ચીતરવા તથા છાપવા કહેલું. તેનો ઉલ્લેખ શ્રીહરિલીલામૃત ૮/૩૬/૪૦માં આ મુજબ છે...

આધારાનંદને છાપો આપી, કહ્યું કાગળમાં દેજો છાપી; મુનિએ મૂર્તિઓ છાપી દીધી, પ્રેમે પૂજવા સૌ જને લીધી.

સ્વામી શ્રીહરિની નાની કે મોટી, સાદી કે સોનેરી રંગની ભવ્ય મૂર્તિઓ બનાવતા. સ્વામીએ બનાવેલી, પૂજામાં રાખવા લાયક અને ખાતરીપૂર્વક ગુરુપરંપરાથી મળેલી મૂર્તિઓ આજે પણ કેટલાક સંતો પાસે જોવા મળે છે. આથી સ્વામી શ્રેષ્ઠ ચિત્રકાર હતા, એ ચોક્કસ થાય છે. આ અંગે સત્સંગિજીવન ૪/૨૮માં પણ લખ્યું છે કે,

आधारानन्दमुनिना ततस्ताभिरचित्रयत् ।
मुद्राभिः काकुदेष्वेव प्रतिमाः स सहस्त्रशः ॥

જુનાગઢથી નારાયણજી સુતારને બોલાવી શ્રીજી મહારાજે ત્રણ મૂર્તિઓની છાપો તેની પાસે બનાવડાવી અને આધારાનંદસ્વામી પાસે એ છાપોથી કાગળ ઉપર હજારો મૂર્તિઓ છપાવી. પછી તે મૂર્તિઓ દરેક ભક્તજનને પૂજવા આપી. આધારાનંદસ્વામી વડતાલમાં જ્યાં મૂર્તિઓ છાપતા હતા તે હવેલીના આઠ ખંડ હતા. તે જગ્યાએ હાલ નવા ઉતારા બાંધેલા છે. વિશેષ સ્વામીના શબ્દોમાં આવતા અંકે જાણશું-માણશું. (ક્રમશઃ)

# માસિક ભેટ નામાવલી

## (જુન - ૨૦૧૩)

| | | |
|---|---|---|
| ૧૧૧ | શ્રી દિપકુમાર વિશાલભાઈ સીમળા હ.પા.દિનુભગત | નડિયાદ |
| ૧૦૧ | શ્રી ગૌરાંગકુમાર અશોકભાઈ પટેલ | નરસંડા |
| ૧૦૧ | શ્રી યુગ રાકેશકુમાર સોની | ડેસર |
| ૧૦૧ | શ્રી શીખા રાકેશકુમાર સોની હ.ચંપકભાઈ સોની | ડેસર |
| ૧૫૧ | શ્રી ઈશ્વરભાઈ દેવજીભાઈ પ્રજાપતિ (બામરોલીવાળા) | વડતાલ |
| ૫૦૧ | શ્રી લક્ષ્મીનારાયણ ટોબેકો સ્ટોર્સ હ.રમણભાઈ પટેલ | સોલાપુર |
| ૧૦૧ | શ્રી અનસુયાબેન હસમુખભાઈ | રાસ |
| ૧૦૧ | શ્રી દર્શ અમિષકુમાર પટેલ | રાસ |
| ૧૦૧ | શ્રી જયેન્દ્રસિંહ શિવુભા રાઠોડ | બુધેજ |
| ૨૫૧ | શ્રી સૌમીલ હસમુખભાઈ પટેલ હ.પા.દિનુભગત | અમદાવાદ |
| ૧૦૦ | શ્રી રોશની રાજેશકુમાર દલાલ | સુરત |
| ૨૦૧ | શ્રી શ્રેય દિક્ષિતભાઈ રાય | નડિયાદ |
| ૧૦૧ | શ્રી પા.દિનુભગત એ.સડથલાવાળા હ.મોહનભાઈ | વડતાલ |
| ૧૦૦ | શ્રી રસિકભાઈ કાળીદાસ પટેલ | ખાંધલી-નાપા |
| ૧૦૧ | શ્રી યશ વિક્રમભાઈ પંચાલ | નડિયાદ |
| ૧૦૧ | શ્રી રાજેશભાઈ કાનાબાર | નાની ઘંસારી |
| ૧૫૦ | શ્રી પારૂલબેન નિલેશકુમાર ભાલજા | મહેસાણા |
| ૧૦૧ | શ્રી જીતેનકુમાર પ્રદિપભાઈ પટેલ | પિપલગ |
| ૧૦૦ | શ્રી નિધી ધર્મેન્દ્રકુમાર પટેલ | સરભાણ |
| ૧૦૧ | શ્રી રિકીન ધનસુખલાલ માલવીયા | ભોઈસર |
| ૧૦૧ | શ્રી પાયલ ચિંતન પટેલ | ધરમપુર |
| ૧૦૧ | શ્રી કનૈયાલાલ ઠક્કર | આણંદ |
| ૨૦૧ | શ્રી લાવણ્યા યોગેશભાઈ કોલ્હે હ.શા.મુક્તપ્રકાશદાસ | હિંગોણા |
| ૧૧૧ | શ્રી ગર્વ ભૃગેશકુમાર પટેલ | ગોધરા |
| ૧૦૧ | શ્રી પા.દિનુભગત એ.સડથલાવાળા હ.કેતનભાઈ | વડતાલ |
| ૧૦૧ | શ્રી દિનેશભાઈ હિંમતભાઈ પરમાર | મહુડિયાપુરા |
| ૧૧૧ | શ્રી વિજયભાઈ પોપટલાલ દંતાણી | આણંદ |
| ૧૧૧ | શ્રી પા.દિનુભગત એ.સડથલાવાળા હ. રાજેન્દ્ર પટેલ | વડતાલ |
| ૧૦૦ | શ્રી દિનેશભાઈ ચંદુભાઈ પટેલ | સંજાયા |
| ૧૨૧ | શ્રી પ્રતિકકુમાર કમલેશભાઈ ત્રિવેદી હ.પા.દિનુભગત | મુંબઈ |
| ૧૦૧ | શ્રી મહેન્દ્રભાઈ રામભાઈ પટેલ | દાવડા |
| ૧૧૧ | શ્રી વિનોદભાઈ પ્રવિણચંદ્ર મહેતા (ચશ્માવાળા) | નવસારી |
| ૧૦૧ | શ્રી અલ્પેશકુમાર રામસીંગભાઈ પરમાર | મહુડિયાપુરા |
| ૧૦૦ | શ્રી જશભાઈ છોટાભાઈ પટેલ | ચાંગા |
| ૧૦૦ | શ્રી રમેશભાઈ ઉમેદભાઈ પટેલ | નવા બિલોદરા |
| ૧૦૦ | શ્રી પ્રિયંકા ભરતભાઈ પંચાલ | જંબુસર |
| ૧૦૧ | શ્રી શાલિન તેજશ પટેલ | આશીપુરા |
| ૧૦૧ | શ્રી રિદ્ધિ ભાવિન પટેલ | યુ.એસ.એ. |
| ૧૦૦ | શ્રી હિમાનીબેન અલ્પેશભાઈ પટેલ | નરસંડા |
| ૧૦૧ | શ્રી અનિતાબેન નીતિનકુમાર પટેલ | દાવોલ |
| ૧૫૧ | શ્રી કિશન કિરીટભાઈ પટેલ | પિપળાવ |
| ૧૦૧ | શ્રી અરવિંદભાઈ હરમાનભાઈ પરમાર | વડતાલ |
| ૧૧૧ | શ્રી નિરવ એચ. ઠાકર | વિદ્યાનગર |
| ૧૦૦ | શ્રી પૂજન મહેશભાઈ પટેલ | પિપળાવ |
| ૨૦૧ | શ્રી ઉદેસીંગભાઈ ધુળાભાઈ પરમાર | મહુડિયાપુરા |
| ૧૦૧ | શ્રી પ્રજેશકુમાર સુમનભાઈ પટેલ | વડતાલ |
| ૧૦૦ | શ્રી અનિરૂદ્ધભાઈ ભરતસિંહ | બુધેજ |
| ૧૦૧ | શ્રી ચંદુભાઈ એસ. પટેલ | છબનપુર |
| ૧૦૦ | શ્રી મહીજીભાઈ ગોકળભાઈ પરમાર | નરસંડા |
| ૧૦૧ | શ્રી પુષ્પવદન નરેન્દ્રભાઈ વણજા | ભરૂચ |
| ૧૦૧ | શ્રી ઠાકોરભાઈ વિઠ્ઠલભાઈ પરમાર | કરોડિયા |
| ૧૫૦ | શ્રી દિનેશભાઈ આશાભાઈ પરમાર | બામરોલી |
| ૧૧૧ | શ્રી રઘુવીરભાઈ ભાઈલાલભાઈ રાય | મકરપુરા |
| ૧૦૦ | શ્રી સુરેશભાઈ છોટાભાઈ પટેલ | ચકલાદ |
| ૧૦૦ | શ્રી બિપીનચંદ્ર ઉમેદભાઈ પટેલ | વડોદરા |
| ૧૦૦ | શ્રી શાંતિલાલ હાથીભાઈ પટેલ | રણું |
| ૫૦૧ | શ્રી હરિકૃષ્ણ જશભાઈ હિરાભાઈ પટેલ | પુનિતનગર |
| ૧૦૦ | શ્રી મહેન્દ્રભાઈ ફકીરભાઈ કાછીયા | નડિયાદ |
| ૧૦૧ | શ્રી રણછોડભાઈ કાશીભાઈ પટેલ | રોપા |
| ૧૫૧ | શ્રી અનિરૂદ્ધસિંહ વિજયસિંહ વણાર | કમીયાળા |
| ૧૦૦ | શ્રી અ.નિ. દિવ્યેશકુમાર જીતુભાઈ સોની | માતર |
| ૧૧૧ | શ્રી રિદ્ધિ રાજેશભાઈ સોલંકી | ડેમાઈ |
| ૧૦૧ | શ્રી નરેશ જે. ભટ્ટ | જીટોડિયા |
| ૧૦૦ | શ્રી ભૂમિકા પ્રકાશચંદ્ર પટેલ | ભરૂચ |
| ૧૦૦ | શ્રી અરવિંદભાઈ મંગળભાઈ પટેલ | વીણા |
| ૧૦૦ | શ્રી રામભાઈ ચતુરભાઈ પટેલ | ચિખલોડ |
| ૧૦૧ | શ્રી કમળાબેન કાંતિલાલ પટેલ | નડિયાદ |
| ૧૦૧ | શ્રી ગીતાબેન જગદીશભાઈ પટેલ | નડિયાદ |
| ૧૦૧ | શ્રી અ.નિ. ગિરીશભાઈ ચૂનીલાલ પટેલ હ. કિંતેશ | ઉત્તરાજ |
| ૧૦૧ | શ્રી રમેશભાઈ મગનભાઈ પટેલ | બામણગામ |
| ૧૦૧ | શ્રી પ્રવિણાબેન પાઠક | વડોદરા |
| ૧૦૦ | શ્રી સંજયભાઈ ભોગીલાલ પટેલ | અવિધા |
| ૧૦૦ | શ્રી અશ્વિનભાઈ મહેન્દ્રભાઈ પટેલ | અવિધા |
| ૧૦૦ | શ્રી દુષ્યંતકુમાર રમેશભાઈ પટેલ | શિવપુરી |
| ૧૦૧ | શ્રી મનોજભાઈ પ્રફુલભાઈ પટેલ | જમીયતપુરા |
| ૧૦૦૦ | શ્રી કાંતિભાઈ ઈચ્છાભાઈ પટેલ | ભીમકૂઈ |
| ૧૦૦ | શ્રી યસ્વી કેતનભાઈ પટેલ | વડોદરા |
| ૨૫૦ | શ્રી નંદકિશોર નાગજીભાઈ પટેલ | મગણાદ |
| ૧૦૦ | શ્રી હંસાબેન હસમુખભાઈ પટેલ | ભરૂચ |
| ૧૦૧ | શ્રી મુકેશભાઈ વડગામા | વડોદરા |
| ૧૦૧ | શ્રી રાવજીભાઈ ડાહ્યાભાઈ પરમાર | મોંઘરોલી |
| ૫૦૦ | શ્રી અલ્પેશકુમાર રજનીકાંત પટેલ | એટલાન્ટા |

૧૦૦ શ્રી ગીતાબેન જીતેન્દ્રભાઈ પટેલ પીજ
૧૦૧ શ્રી સુનિલ નવલકુમાર મોદી સુરત
૧૦૧ શ્રી ક્રિશ નવલકુમાર મોદી સુરત
૧૫૧ શ્રી દિનેશભાઈ રસિકલાલ પંચાલ માસર રોડ
૧૦૦ શ્રી પૂજન મહેશભાઈ પટેલ પિપળાવ
૧૦૦ શ્રી વૈદેહી મહેશભાઈ પટેલ પિપળાવ
૧૦૦ શ્રી ભાગ્યલક્ષ્મી ટ્રેડીંગ કાું. હ. સુરેશભાઈ કે. પટેલ વલેટવા
૧૦૦ શ્રી દિપકભાઈ અરવિંદભાઈ પંચાલ વાઘોડિયા
૧૦૦ શ્રી હેમંતકુમાર કનુભાઈ ચૌહાણ પિપળાવ
૧૦૧ શ્રી વસંતબેન નરોત્તમદાસ ઝઘડા મુંબઈ
૧૦૧ શ્રી ધ્રુવ યોગેશભાઈ પટેલ સંધાણા
૧૦૧ શ્રી માર્ગીબેન યોગેશભાઈ પટેલ સંધાણા
૧૩૦૭૧ શ્રી સ્વામિનારાયણ મંદિર હ.કનુભાઈ એ.પટેલ સેવાલીયા
૧૫૦૦ શ્રી સ્વામિનારાયણ મંદિર હ. કનુભાઈ એ.પટેલ સેવાલીયા
૧૦૧ શ્રી પ્રકાશ કિશોરભાઈ સાપરીયા મુંબઈ
૧૦૧ શ્રી આયુષ અલ્પેશભાઈ આર. પટેલ (બાલ્કોવાળા) જોળ
૧૦૦ શ્રી ગિરીશભાઈ મગનભાઈ પટેલ વાસણા
૧૦૧ શ્રી રાકેશકુમાર વિનોદભાઈ રામી (વડતાલવાળા) યુ.એસ.એ.
૧૦૧ શ્રી મુકેશભાઈ બેચરભાઈ શામળભાઈ પટેલ વેમારડી
૧૦૧ શ્રી બિપીનભાઈ જશભાઈ પટેલ વિરપુર
૧૦૧ શ્રી સુશીલાબેન જશભાઈ પટેલ (રાસવાળા) જીટોડિયા
૧૧૧૧ શ્રી ઘનશ્યામભાઈ મંગળદાસ પટેલ હ.ગોવિંદસ્વામી મેતપુર
૧૧૧૧ શ્રી કલ્પનાબેન ઘનશ્યામભાઈ પટેલ હ.શા.બાલકૃષ્ણદાસજી મેતપુર
૧૦૦ શ્રી ધનલક્ષ્મીબેન દક્ષિણી રાજકોટ
૧૦૦ શ્રી સીતારામભાઈ મણીભાઈ રાય મોટાકરાળા
૧૦૦ શ્રી રાજેન્દ્રભાઈ ડાહ્યાભાઈ પટેલ અણસ્તુ
૧૦૧ શ્રી હર્ષિત કલ્પેશકુમાર કાછીયા ડેરોલ સ્ટેશન
૨૫૧ શ્રી કિશોરભાઈ ગમનભાઈ પસ્તાગીયા સુરત
૫૦૧ શ્રી સંગીતાબેન કિશોરભાઈ પસ્તાગીયા સુરત
૨૦૧ શ્રી હંસાબેન ડાહ્યાભાઈ નવસારી
૧૦૦ શ્રી અશ્વિનભાઈ મગનભાઈ ઠાકોર જોબનપુરા
૧૦૦ શ્રી પા.દિનુભગત એ.સડથલાવાળા હ. વિજયભાઈ વડતાલ
૧૦૦ શ્રી હરિકૃષ્ણ વાસુદેવ બારડોલીવાળા સુરત
૧૦૧ શ્રી પર્લ રાજેશભાઈ દલાલ સુરત
૧૦૧ શ્રી પ્રવિણચંદ્ર ભગવાનદાસ દલાલ સુરત
૧૫૧ શ્રી વિજયભાઈ ભાઈલાલભાઈ પટેલ હ.પા.દિનુભગત કલમ
૧૦૦ શ્રી શાંતિલાલ ભગવાનદાસ પટેલ ભરથાણ
૧૦૦ શ્રી હેત્વી સચીનકુમાર પટેલ હ. પ્રકાશભાઈ નાપાડ
૧૦૦ શ્રી પૂજન મહેશભાઈ પટેલ પિપળાવ

આધ્યાત્મ મંથન... (પાન ૯ નું ચાલુ)

છે ઉલટું, અહીં વ્યક્તિ વ્યક્તિને વાપરે છે અને વ્યક્તિ વસ્તુને પ્રેમ કરે છે ‘ગરજ સરી કે વૈદ્ય વૈરી’ આવો સમાજ ભૌતિકવાદી સમાજ કહેવાય છે. “મારા માટે વસ્તુ છે, પણ હું વસ્તુ માટે નથી” એ ભાવ કેળવવો જોઈએ. આ રીતે નિર્લેપ રહેવા લાગે તો આધ્યાત્મવાદી જરૂર કહી શકાય.

પદાર્થ તો જડ છે તેથી વસ્તુનિષ્ઠ કે પદાર્થનિષ્ઠ થયેલો માણસ જીવનમાં ધીરે ધીરે જડ થતો જાય છે. એ જડતાએ વ્યક્તિને, એના પરિવારને, એના સમાજને અને રાષ્ટ્રને નુકશાન રૂપ થશે. એટલા માટે તો આજે હૃદયથી જીવનારાઓની સંખ્યા ઘટતી જાય છે અને બુદ્ધિથી જીવનારાઓની સંખ્યા વધતી જાય છે. માત્ર શ્વાસ લેવાને જ જો જીવન કહો તો લુહારની ધમણ પણ શ્વસે છે, તેને શું જીવન કહેવાશે ? ખરા અર્થમાં જીવન તો ત્યારે જ કહેવાશે કે, જ્યારે આપણું સંપૂર્ણ જીવન આધ્યાત્મિક માર્ગમાં એકરૂપ થઈને સતત આગળ પ્રગતિ કરતું હોય.

(ક્રમશઃ)


# શ્રી વડતાલધામ સત્સંગ અંકના ગ્રાહક બનો અને બનાવો

# અંક વાંચો અને વંચાવો


## ગ્રાહકો માટે ખાસ નોંધ

**શ્રી વડતાલધામ સત્સંગ માસિકના જે ગ્રાહકોના સરનામા બદલાયા હોય અથવા બદલવાના હોય તેમણે જે તે સમયે માસિક કાર્યાલય પર રૂબરૂ અથવા પત્ર દ્વારા અથવા ફોન પર સંપર્ક કરી અથવા ઈ-મેઈલ કરી દર મહિનાની તા. ૩૦ સુધીમાં ગ્રાહક નંબર જણાવી સુધારો કરાવવો. જે ગ્રાહકોનું વાર્ષિક લવાજમ પુરુ થતું હોય તેમણે આગળના અંક મેળવવા માટે સત્વરે લવાજમ ભરી દેવું.**




કરોડોનું કલ્યાણ કરે એવા ગ્રંથરાજ શ્રીહરિચરિત્રામૃતસાગરનો ૧૫૯મો અને ગ્રંથના લેખક સિદ્ધયોગી સિદ્ધાનંદસ્વામી ઉર્ફે આધારાનંદસ્વામીનો ૨૧૫મો જન્મોત્સવ કુંડળધામે છેલ્લા બે વર્ષથી નિત્ય સવારે ચાલતી સાગરકથામાં હાર્દિકભાવથી ઉજવાયો હતો. આ ગ્રંથના વક્તા પ.પૂ.સદ્.શ્રી જ્ઞાનજીવનદાસજી સ્વામીએ તે દિવસે કથા પ્રારંભમાં ગ્રંથરાજનું તથા ગ્રંથકારનું ભાવભીના હ્રદયે પૂજન કર્યું હતું અને કથા પૂર્ણા થતાં સમૂહ આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો દર્શન - શ્રવણનો લાભ માધ્યમો દ્વારા લાખો લોકોએ લીધો હતો.



વડતાલ શ્રી હરિકૃષ્ણ મહારાજના દર્શનાર્થે પધારેલા શ્રી સ્વામિનારાયણ મંદિર, ભૂજ (કચ્છ)ના મહંત પ.પૂ.શ્રી ધર્મનંદનદાસજી સ્વામી તથા પુરાણી શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામી તથા પાર્ષદવર્ય શ્રી જાદવજી ભગત વગેરે વડીલ સંતો સાથે પ.પૂ.સદ્.શા.શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી (પૂર્વ ચેરમેનશ્રી) તથા આસી. કોઠારી પૂ.શ્રી દેવપ્રકાશદાસજી સ્વામી






ઉત્તરાખંડમાં કુદરતના પ્રકોપનો ભોગ બનેલા લોકો માટે શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલના પૂ. સંતો દ્વારા શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પૂ.સંતો, પાર્ષદોએ મૃતકોને શ્રદ્ધાંજલી અર્પી હતી.

RNI No. GUJ/GUJ/2010/38053. The Postal Regn. No. "G-KDA-86/2011-13" Valid up to 31.12.2013. Posted From Vadtal Post Office. On 20th Date of every month



શ્રી હરિકૃષ્ણ મહારાજ યાત્રિક ભુવનનું આસી.કોઠારીશ્રીના માર્ગદર્શન હેઠળ પૂરજોશમાં ચાલતું બાંધકામ



સ્વચ્છ નીર ભરાતાં અતી રમણીય દ્રશ્યમાન થતું શ્રી ગોમતીજી તળાવ





નિર્માણાધીન નૂતન શ્રી હરિકૃષ્ણ મહારાજ ભોજનાલય



શ્રી ગોમતીજી તળાવની સામે હરિભક્તોના વિશ્રામ માટે નિર્માણ પામેલ સુંદર બગીચો